P
454
d0
૨૬૦૧૮

વા રમણિકલાલ પો. પરીખ (પાટણ) સ્મૃતિ ગ્રંથમાળા પુષ્પ – ૩

ગુસાંઈજીપ્રભુચરણ સન્મુખ દામોદરદાસ હરસાનીજી દ્વારા કથિત

દ્વાદશ કુંજની ભાવના

(મૂળ વ્રજભાષામાંથી ગુજરાતી ભાવાનુવાદ)

: પ્રકાશક :
શ્રીવલ્લભસેવા પ્રચાર કેન્દ્ર, પાટણ

ગો. વા. રમણિકલાલ પો. પરીખ (પાટણ) સ્મૃતિ ગ્રંથમાળા પુષ્પ-૩
શ્રીગુસાંઈજીપ્રભુચરણ સન્મુખ
દામોદરદાસ હરસાનીજી દ્વારા કથિત....

દ્વાદશ કુંજની ભાવના

(મૂળ વ્રજભાષામાંથી ગુજરાતી ભાવાનુવાદ)

• પ્રકાશક •
શ્રીવલ્લભસેવા પ્રચાર કેન્દ્ર, પાટણ.

© આ પુસ્તિકાની નકલ પૂર્વ સંમતિ વિના કરવી નહિ.

• સંકલન •
ભાઈલાલભાઈ શં. શેઠ (મોડાસા)

આવૃત્તિ : પ્રથમ પ્રત : ૧૦૦૦
સં. ૨૦૬૫ ચૈત્રવદ - ૧૧

• પ્રાપ્તિ સ્થાન •
જિતેન્દ્રભાઈ રમણીકલાલ પરીખ
૩૯, શિવકૃપા સોસાયટી, ડીસા રોડ,
આર. એમ. પેટ્રોલ પંપની બાજુમાં, પાટણ (ઉ. ગુ.) - ૩૮૪૨૬૫.
સંપર્ક : ૦૨૭૬૬-૨૨૦૮૪૩ (સવાર/સાંજ ૭ થી ૯)

અનુક્રમણિકા

અનુ. નંબર	વિષય	પેજ નંબર
A.	પાક્કથન	૧
B.	પૂર્વભૂમિકા (વિરાટપુરુષ-ચૌદ લોક-જીવગતિનું વર્ણન)	૨
C.	દ્વાદશ કુંજની ભાવના	૬
૧.	પુષ્પ કુંજ....................................	૧૧
૨.	ફલ કુંજ....................................	૧૨
૩.	રસ કુંજ....................................	૧૪
૪.	મધુ કુંજ....................................	૧૫
૫.	ગો કુંજ....................................	૧૬
૬.	દ્વાર કુંજ....................................	૧૭
૭.	નવ કુંજ....................................	૧૮
૮.	શશી કુંજ....................................	૧૯
૯.	પ્રેમ કુંજ....................................	૨૦
૧૦.	સિંધુ કુંજ....................................	૨૧
૧૧.	લક્ષ્મી કુંજ....................................	૨૨
૧૨.	તુલસી કુંજ....................................	૨૩
D.	દ્વાદશકુંજમાં દંડવત્..........................	૨૬
E.	પ્રકીર્ણ પદો....................................	૨૭

પ્રાક્કથન

"વાર્તા સાહિત્યકા એક બૃહદ્ અધ્યયન (લે : શ્રીહરિહરનાથ ટંડન)" નામના ગ્રંથમાં જણાવ્યા અનુસાર જ્યારે કૃષ્ણદાસ અધિકારીએ શ્રીગુસાંઈજી પ્રભુચરણને શ્રીનાથજીના મંદિરમાં સેવાર્થે પધારતા અટકાવ્યા હતા ત્યારે આપશ્રી છ માસ પર્યંત ભગવદ્વિપ્રયોગમાં ચંદ્રસરોવર-પરાસોલીમાં બિરાજ્યા હતા. તે સમયે શ્રીમહાપ્રભુજીના અંતરંગ સેવક દામોદરદાસ હરસાનજી શ્રીગુસાંઈજી પ્રભુચરણના દર્શનાર્થે નિત્ય આવીને સન્મુખ બેસતા હતા. શ્રીમહાપ્રભુજીના કૃપાપાત્ર ભગવદીય જાણી, આપ તેમનું આદરપૂર્વક સન્માન કરતા અને સ્વમાર્ગીય રહસ્યવાર્તા, લીલાપ્રકાર, શ્રીઆચાર્યજીના પ્રાકટ્યની વાર્તા વગેરે પૂછતા. દામોદરદાસજી પણ શ્રીમુખે શ્રવણ કરેલ તેમજ પ્રત્યક્ષ અનુભવેલ ભગવદ્વાર્તા વગેરે શ્રીગુસાંઈજી પ્રભુચરણને કહી સંભળાવતા હતા.

એમ કહેવાય છે કે **શ્રીગુસાંઈજી પ્રભુચરણ અને દામોદરદાસજી વચ્ચેની આ વાર્તાચર્ચા 'સંવાદ' નામે સહસ્રી શ્લોકમાં ગ્રંથબધ્ધ થઈ હતી, જે હાલમાં અપ્રાપ્ય છે. 'દ્વાદશ કુંજની ભાવના' પણ આ સંવાદના જ એક ભાગરૂપે છે.** વ્રજભાષામાં હસ્તલિખિત ગ્રંથરૂપે અપ્રકટ રહેલી આ 'દ્વાદશ કુંજકી વાર્તા' વર્ષો અગાઉ સુરતથી પ્રકાશિત એક પુસ્તકમાં પ્રસિધ્ધ થઈ હતી.

ભૂતલ ઉપર દેહત્યાગ કર્યા બાદ શ્રીમહાપ્રભુજીના અંગીકૃત દૈવી જીવને ભગવદ્લીલાધામમાં લઈ જવા માટે, આપના કૃપાપાત્ર ભગવદીયો દૂત/દૂતી રૂપે આવે છે. અલૌકિક દિવ્યદેહથી નિત્યલીલામાં પહોંચ્યા બાદ યુગલ સ્વરૂપના દર્શન કરે છે. ત્યારબાદ આપની આજ્ઞાવર્તી સખી, આ દૈવીજીવને દ્વાદશ કુંજોના દર્શન કરાવે છે. **પ્રત્યેક કુંજમાં લીલાવૈભવના દર્શન માટે દૈવીજીવના પ્રવેશનું વર્ણન, કુંજોના લીલાવિહારો, સખીજનો સાથે મિલન વગેરે બધું એક સમાન વર્ણન જોવા મળે છે. વ્રજભાષાના મૂળ ગ્રંથમાં જેમ હતું તેમ યથાવત્ રાખીને તેનો ગુજરાતી ભાવાનુવાદ** ગો. વા. રમણીકલાલ પો. પરીખ (પાટણ) - સ્મૃતિ ગ્રંથમાળાના પુષ્પ-૩ રૂપે સાભાર સંકલિત કરીને અહીં પ્રસ્તુત કરવા નમ્ર પ્રયાસ કર્યો છે.

આવા લીલાભાવનાના સાહિત્યથી દૈવીજીવોને લીલાનુસંધાન સદૈવ રહ્યા કરે એવી શુભ કામનાઓ સહ.......

પાટણ
શ્રીમહાપ્રભુજી પ્રાકટ્યોત્સવ
સં. ૨૦૬૫, ઈ. સ. ૨૦૦૯

શ્રીવલ્લભપદ દાસાનુદાસ,
જિતેન્દ્ર ર. પરીખના
જયશ્રીકૃષ્ણ

પૂર્વ ભૂમિકા

[શ્રીભાગવતાદિ શાસ્ત્રો પર આધારિત વિરાટપુરુષ,
ચૌદલોક અને જીવગતિનું વર્ણન]

ભગવાનના અખિલ બ્રહ્માંડરૂપી વિરાટ સ્વરૂપ (દેહ) માં ચૌદ લોક આવેલા છે, જે પૈકી સાત લોક-પાતાલ, રસાતલ, મહાતલ, તલાતલ, સુતલ, અતલ અને વિતલ નીચે આવેલા છે તથાં સાત લોક-ભૂલોક (પૃથ્વી), ભુવ:લોક (આકાશ), સ્વર્લોક (સ્વર્ગ), મહત્‌લોક, જનલોક, તપલોક અને સત્યલોક (બહ્મલોક) ઉપર આવેલા છે.

૧. વિરાટ પુરુષના ચરણારવિંદના તળિયાની નીચે **પાતાલ** છે - જ્યાં મોટી ફણાવાળા ક્રોધી નાગ રહે છે, જેમનો રાજા વાસુકિ નાગ છે.

૨. વિરાટ પુરુષના ચરણના અગ્રભાગમાં **રસાતલ** છે - જ્યાં પણિ નામનો દૈત્ય રહે છે.

૩. વિરાટ પુરુષના ચરણમાં **મહાતલ** છે - જ્યાં કદ્રૂના પુત્રો તક્ષક, કાલિય વગેરે મોટા ફેણવાળા સર્પો રહે છે.

૪. વિરાટ પુરુષના પીંડીઓમાં **તલાતલ** છે - જ્યાં માયાવી લોકોનો આચાર્ય મય દાનવ રહે છે.

૫. વિરાટ પુરુષના ગોઠણમાં **સુતલ** છે - જ્યાં વિલોચનનો પુત્ર મહા કીર્તિવાન બલિરાજા રહે છે.

૬-૭ વિરાટ પુરુષના બે સાથળમાં **અતલ** અને **વિતલ** છે - જ્યાં **અતલમાં** મયદાનવનો પુત્ર બલાસુર રહે છે અને વિતલમાં ભૂતગણોથી વીંટળાયેલ હાટેકશ્વર મહાદેવનું વિહાર સ્થાન છે.

૮. વિરાટ પુરુષના ડૂંટીની ચાર આંગળ નીચે જઘન (પેઢુ)માં **ભૂલોક** (પૃથ્વી) છે - જ્યાં મર્ત્ય મનુષ્યો રહે છે.

૯. વિરાટ પુરુષના નાભિમાં **ભુવઃ લોક (આકાશ)** છે - જ્યાં પક્ષીઓ વિહાર કરે છે.

૧૦. વિરાટ પુરુષના હૃદયમાં **સ્વર્લોક (સ્વર્ગ)** છે.
૧૧. વિરાટ પુરુષના કંઠમાં **મહત્‌લોક** છે.
૧૨. વિરાટ પુરુષના મુખમાં **જનલોક** છે.
} **જ્યાં ઉચ્ચ કોટિના જીવો રહે છે.**

૧૩. વિરાટ પુરુષના લલાટમાં **તપલોક** છે.
૧૪. વિરાટ પુરુષના મસ્તકમાં **સત્યલોક** (બ્રહ્મલોક) છે.
} **જ્યાં ઋષિગણ રહે છે**

ત્રિલોક એટલે ભૂલોક, ભુવ:લોક અને સ્વર્લોક, આખું બહ્માંડ નહિ.

જ્યારે આ ભૌતિક દેહનું મૃત્યુ થાય છે ત્યારે જીવાત્માની સાથે સૂક્ષ્મ (લિંગ) દેહ પણ સ્થૂળ દેહમાંથી નીકળે છે. આ લિંગ દેહ જીવાત્માની સાથે ત્રિલોક સુધી રહે છે. મહત્ લોક સુધી માયા સતાવે છે. તેનાથી ઉપરના ત્રણ લોક - જનલોક, તપલોક અને સત્યલોકમાં માયાનું આવરણ હોતું નથી. જ્યારે જીવાત્માનો અંતિમ જન્મ હોય છે, ત્યારે જ લિંગદેહનો નાશ થાય છે અને ભગવદ્‌પ્રાપ્તિ થાય છે.

ઉપર પ્રમાણે ભગવાનના અખિલ બ્રહ્માંડરૂપી વિરાટસ્વરૂપ (દેહ)માં ચૌદ લોક આવેલા છે. આ બ્રહ્માંડની ઉપર સાત આવરણ આવેલા છે - જળ, તેજ (અગ્નિ), વાયુ, આકાશ, અહંકાર, મહત્ તત્ત્વ અને પ્રકૃતિ.

આ બ્રહ્માંડની ઉપર પ્રથમ જળનું આવરણ છે. તેની ઉપર તેનાથી દશગણું તેજ (અગ્નિ)નું આવરણ છે. તેની ઉપર તેનાથી દશગણું વાયુનું આવરણ છે. તેની ઉપર તેનાથી દશગણું આકાશનું આવરણ છે. તેની ઉપર તેનાથી દશગણું અહંકારનું આવરણ છે. તેની ઉપર તેનાથી દશગણું મહત્ તત્ત્વનું આવરણ છે. તેની ઉપર તેનાથી દશગણું પ્રકૃતિનું આવરણ છે. આ પ્રકારે ક્રમશઃ સાત આવરણો રહેલા છે.

આ સાત આવરણો ભેદીને જીવાત્મા ઉપર જાય છે. ત્યારપછી તે અક્ષરબ્રહ્મમાં પ્રવેશ કરે છે. પરબહ્મ પુરુષોત્તમના ત્રણ સ્વરૂપો છે :

૧. ગોલોકધામમાં બિરાજતું સ્વરૂપ - ભગવાન શ્રીકૃષ્ણ - જે પરબ્રહ્મનું આધિદૈવિક સ્વરૂપ છે.

૨. અક્ષરબ્રહ્મ એ પરબ્રહ્મનું આધ્યાત્મિક સ્વરૂપ છે.

૩. જગત એ પરબ્રહ્મનું આધિભૌતિક સ્વરૂપ છે.

અક્ષરબ્રહ્મ એ પરબ્રહ્મ પુરુષોત્તમનું પોતાનું ધામ છે. પરબ્રહ્મના સ્વરૂપમાંથી જે તેજ પ્રકટ થયું તે પ્રકાશમય સ્વરૂપ એટલે અક્ષરબ્રહ્મ. જેમ સૂર્ય અને સૂર્યનો પ્રકાશ અભિન્ન છે તેમ પરબ્રહ્મ અને પ્રકાશમય અક્ષરબ્રહ્મ પણ અભિન્ન છે. અક્ષરબ્રહ્મના ચાર ભાગની કલ્પના કરતાં, તેના ત્રણ ભાગ તેજોમય છે, જેને **ત્રિપાદવિભૂતિ** કહે છે. અને એ જ આધ્યાત્મિક અથવા **રમાવૈકુંઠ** છે.અક્ષરબ્રહ્મનો ચોથો ભાગ **પાદવિભૂતિ** છે, જેમાં અનંત કોટિ બ્રહ્માંડો આવેલા છે. દરેક બ્રહ્માંડના બ્રહ્મા જુદા જુદા હોય છે જેમકે ચતુર્મુખ બ્રહ્મા, દશમુખ બ્રહ્મા, શતમુખ બ્રહ્મા, સહસ્રમુખ બ્રહ્મા વગેરે. એ જ પ્રમાણે દરેક બ્રહ્માંડના વિષ્ણુ અને શિવ પણ જુદા જુદા હોય છે. આવા અનંત કોટિ બ્રહ્માંડોના નાયક/અધિપતિ/સ્વામી પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણ છે. અક્ષરબ્રહ્મમાં જ ભગવાન શ્રીકૃષ્ણની નિત્યલીલાના વિહારનું અલૌકિક સ્થાન **‘ગોલોકધામ’** આવેલું છે.

આવા અનંત કોટિ બ્રહ્માંડોના સ્વામી ભગવાન શ્રી કૃષ્ણ જયારે પોતાના આ અખિલ સામ્રાજયને છોડી, નાનકડા શ્રીગોકુલમાં નંદ-યશોદા ગૃહે પ્રકટ થયા છે ત્યારે તે નંદકુમાર, નંદનંદન, યશોદાત્સંગ લાલિત, ગોકુલેશ વગેરે વિવિધ નામોથી ઓળખાય છે.

જીવમુક્તિ : વાળના અગ્રભાગના દશ હજારના અંશથી પણ અતિ સૂક્ષ્મ અણુ જેવો જીવાત્મા છે. ભગવદ્ કૃપાથી જયારે જીવાત્મા ભગવદ્ ધામમાં જાય છે ત્યારે સૂક્ષ્મ અણુપરિમાણવાળો જીવ મુક્ત દશાને પામી વિભુ એટલે વ્યાપક બને છે. (શાંકરમત / માયાવાદમાં જીવને પ્રારંભથી જ વિભુ/વ્યાપક માનવામાં આવે છે પરંતુ શ્રીમહાપ્રભુજીના શુધ્ધાદ્વૈત બ્રહ્મવાદમાં જીવ અણુ છે પરંતુ મુક્તદશામાં જ તે વિભુ / વ્યાપક બને છે.)

ભગવદ્ભક્તિથી જયારે જીવ મુક્ત બની બ્રહ્માંડની ઉપર રહેલા સાત આવરણોને ભેદીને ભગવાનની ત્રિપાદવિભૂતિ અને પાદવિભૂતિની સીમા ઉપર પહોંચે છે ત્યારે **અમાનવ દેવો (ભગવાન પાર્ષદો)** આવીને જીવને વૈકુંઠધામમાં લઈ જાય છે. મર્યાદામાર્ગીય અને મુક્તિના અધિકારી દૈવી જીવ હોય તો ભગવાનના પાર્ષદો આવે છે પરંતુ પુષ્ટિમાર્ગીય દૈવી જીવ હોય તો શ્રીમહાપ્રભુજીની આજ્ઞાથી **વૈષ્ણવ દૂતો / દૂતી** આવીને ગોલોકધામ/નિત્યલીલામાં લઈ જાય છે.

જયારે પુષ્ટિદૈવી જીવ શ્રીમહાપ્રભુજીના શરણે આવી, નામ-નિવેદન દીક્ષા પ્રાપ્ત કરીને, આપશ્રીની આજ્ઞાનુસાર ભગવદ્સેવા-કથા પરાયણ સંપૂર્ણ સમર્પિત જીવન જીવે છે ત્યારે આપશ્રીની પૂર્ણ કૃપા થતાં જો જીવને અંતિમ જન્મ પ્રાપ્ત થાય તો, ભૌતિક/સ્થૂળ દેહનો ત્યાગ કર્યા પછી, આપના અંતરંગ ભગવદીયો દૂત / દૂતી સ્વરૂપે આ પુષ્ટિદૈવીજીવને ભગવદ્ધામમાં લઈ જવા આવે છે. આ દૂત / દૂતી જુદા જુદા લોકમાંથી પસાર થતાં ત્યાના વૈભવ-સંપત્તિથી જીવ લોભાઈ જઈ પુનઃ માયા / અવિદ્યાની ખાઈમાં પડી ન જાય તેની કાળજી રાખે છે. બ્રહ્માંડના સાત આવરણો ભેદીને જીવ જયારે ત્રિપાદવિભૂતિ અને પાદવિભૂતિની સીમા ઉપર પહોંચે છે ત્યારે જીવને વિરજા નદીમાં સ્નાન કરાવે છે. 'વિરજા' એટલે જેમાં સ્નાન કરવાથી વાસનારૂપી રજનો જો કોઈ અંશ જીવમાં રહી ગયો હોય તો નષ્ટ થઈ જાય. મર્યાદા જીવ હોય કે પુષ્ટિજીવ - પરંતુ વૈકુંઠધામ કે ગોલોકધામમાં જતાં પહેલાં ભગવાનના પાર્ષદો અને શ્રીમહાપ્રભુજીના ભગવદીય દૂત / દૂતીઓ જીવને વિરજા નદીમાં સ્નાન કરાવે છે, જેથી પાપ-પુણ્યની સૂક્ષ્મ વાસનાઓ કદાચ રહી ગઈ હોય તો તે સંપૂર્ણત : નાશ પામે.

શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનુસાર ભગવદીય દૂત / દૂતી આ પુષ્ટિજીવને આ પ્રકારે સાવધાનીપૂર્વક નિકુંજના દ્વારે પહોંચાડે છે અને દ્વારપાલ સખીને સોંપે છે. દ્વારપાલ સખી ભીતર જઈ નિકુંજનાયક શ્રીપ્રિયા-પ્રીતમને ભૂતલ પરથી શ્રીમહાપ્રભુજીનો અંગીકૃત જીવ દિવ્ય દેહ ધારણ કરીને અહીં આવ્યાની જાણ કરે છે. અનેક જન્મોના અંતરાય પછી અહીં આવેલા દૈવીજીવને ભીતર લઈ આવવા પ્રિયા-પ્રીતમ આજ્ઞા કરે છે. અતિ પ્રસન્નાથી દર્શન આપીને જીવના અપરાધની ક્ષમા આપે છે. ત્યારબાદ પ્રિયા-પ્રીતમ નિજસખીને બોલાવી, આ દૈવી જીવને દ્વાદશ કુંજોના અલૌકિક લીલાવૈભવના દર્શન અને સૌ સખીજનો સાથે મિલાપ કરાવવાની આજ્ઞા કરે છે. ત્યારબાદ જે કુંજનો આ દૈવીજીવ હોય છે તે કુંજમાં તેના મૂળ લીલા સ્થાને પહોંચાડવા પ્રિયા-પ્રીતમ આજ્ઞા કરે છે.

— x —

'કુંજ'ના શબ્દાર્થ

કુંજ = લતામંડપ
કુંજસદન = કુંજ લતા ગૃહ
કુંજવિલાસી = શ્રીકૃષ્ણ
કુંજવિહારી = શ્રીકૃષ્ણ
કુંજમહલ = લતાગૃહ, રહેવાનું સ્થળ
કુંજભવન = લતાગૃહ, રહેવાનું સ્થળ
કુંજગલી = જયાં સૂર્યપ્રકાશ ન પહોંચતો હોય એવી સાંકડી ગલી
કુંજકુટીર = કુંજમાં રહેવાનું સ્થાન
કુંજજાલ = લતામંડપ
નિકુંજ = વનસ્પતિની લતા / ઘટા

('સાહિત્યિક બ્રજભાષા કોશ' પ્રઃ ઉત્તરપ્રદેશ હિન્દી સંસ્થાન, લખનઉમાંથી)

॥ નિકુંજનાયક શ્રીગોવર્ધન ધરો જ્યતિ ॥

શ્રીગુસાંઈજી પ્રભુચરણ સન્મુખ દામોદરદાસ હરસાનીજી દ્વારા કથિત

• દ્વાદશ કુંજની ભાવના •

'૮૪ વૈષ્ણવનીકી વાર્તા' અનુસાર કૃષ્ણદાસ અધિકારીએ શ્રીગુસાંઈજી પ્રભુચરણને શ્રીનાથજીના મંદિરમાં સેવાર્થે પધારવા પ્રતિબંધ મૂકયો હતો. શ્રીમહાપ્રભુજીના કૃપાપાત્ર સેવક તથા શ્રીનાથજીના અધિકારી જાણી, શ્રીગુસાંઈજી પ્રભુચરણે કૃષ્ણદાસની આજ્ઞાને શિરોધાર્ય કરી, આપશ્રી છ માસ સુધી ચંદ્રસરોવર- પરાસોલીમાં શ્રીમહાપ્રભુજીના બેઠકજીના સાનિધ્યમાં બિરાજી ભગવદ્‌વિયોગનો અનુભવ કરતા હતા.

એક સમયે શ્રીમહાપ્રભુજીના અંતરંગ સેવક દામોદરદાસ હરસાની ત્યાં આવ્યા અને આપને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને સન્મુખ બેઠયા. આપશ્રીએ દામોદરદાસને પૂછ્યું : " દામોદરદાસ, તમે શ્રીમહાપ્રભુજીના અંતરંગ ભગવદીય છો અને તમારા હૃદયમાં શ્રીમહાપ્રભુજી સાક્ષાત બિરાજે છે. વળી માર્ગનું ગૂઢ રહસ્ય, લીલાભાવના વગેરે તમે જાણો છો. આથી આ સર્વ કાંઈ અમને વિસ્તારથી કહો." ત્યારે દામોદરદાસે કહ્યું. : "કૃપાનાથ આપની વાત સત્ય છે. જોકે શ્રીમહાપ્રભુજીની વાર્તા, માર્ગનું ગૂઢ રહસ્ય વગેરે તો આપશ્રી સ્વયં જાણે છે અને જીવકૃતિથી તે સાધ્ય નથી જ પરંતુ શ્રીમહાપ્રભુજી એ કૃપા કરીને મને જે કંઈ કહ્યું છે તે કાંઈ હું આપને નિવેદન કરીશ."

એક સમયે દૈવીસૃષ્ટિના કેટલાક જીવોએ પ્રાકૃત માયાને જોઈ, શ્રીઠાકોરજીની સાથે પ્રાકૃત રમણની ઈચ્છા પ્રકટ કરી હતી. ત્યારે દૈવીજીવોના અંતઃકરણની આવી પ્રાકૃત ઈચ્છા શ્રીસ્વામિનીજીએ જાણી અને કોપિત થઈને સ્વસખીઓ પ્રતિ આજ્ઞા કરી કે આ જીવોને ભૂતલમાં નાખી દો. આથી લીલાસૃષ્ટિના આ દૈવી જીવો નિજધામમાંથી વિખૂટા પડી અનેક જન્મોના અંતરાય ભોગવતા રહ્યા હતા. આ વાતને અગણિત સમય વ્યતીત થઈ ગયો હતો.

નિજધામમાંથી વિખૂટા પડેલા જીવો પૈકી કેટલાક મૂળ બ્રહ્મસદનમાં આવ્યા અને વેદની ઋચાઓ થયા. ત્યાંથી બ્રહ્માજીના શ્રીઅંગમાં પ્રવેશ પામ્યા. તે સમયે બ્રહ્માજી યજ્ઞ કરતા હતા. બ્રહ્માજી મહા કામાતુર થતાં સ્ખલિત પ્રવાહીને એક પાત્રમાં લઈ ઋષિઓને પૂછ્યું : આ પાત્રનું "શું કરવું ?" ત્યારે ઋષિઓએ તેને અગ્નિમાં નાખવા સૂચન કર્યું. આમ કરતાં તત્કાલ પુરુષાકાર કુમારો ઉત્પન્ન થયા અને બ્રહ્માજી સન્મુખ ઉપસ્થિત થઈ કહેવા લાગ્યા કે અમને શું આજ્ઞા છે ? ત્યારે બ્રહ્માજીએ કહ્યું કે તપ કરો અને પછી સૃષ્ટિ કરો. ત્યારે આ બધા કુમારો તપ કરવા ચાલ્યા ગયા. અગ્નિમાંથી ઉત્પન્ન થયેલા હોવાથી તે બધા અગ્નિકુમારો કહેવાયા. તપ કરવા જતાં માર્ગમાં નારદજી મળ્યા. નારદજીએ પૂછતાં તેઓએ કહ્યું કે બ્રહ્માજીની આજ્ઞાથી તપ કરવા માટે જઈએ છીએ અને પછી સૃષ્ટિ રચીશું. આ સાંભળી નારદજી બોલ્યા :" "ભગવદ્‌માયાથી મોહિત થઈને આવું કાર્ય કરશો નહિ હું તમને તપ કરવાનું સ્થળ બતાવું છું ત્યાં જઈને તપ કરો, બિંદુસરોવર પાસે ઉત્તર દિશામાં એક પર્વત છે અને ત્યાં બંધ ગુફા છે ત્યાં બેસીને તપ કરો." ત્યારબાદ નારદજી પાસેથી દ્વાદશાક્ષર મંત્રનો ઉપદેશ ગ્રહણ કરીને તે બધા તપ કરવા ચાલ્યા ગયા. તપશ્ચર્યાના પ્રભાવે અંતર્જ્ઞાન થયું પરંતુ પુરુષપણાનું અહંત્વ હોવાથી ભક્તિભાવ ઉત્પન્ન થયો નહિ. આથી ફરીથી સ્ત્રીભાવયુક્ત બનીને ભગવદ્‌ભજન કરવાનો પ્રારંભ કર્યો. થોડા સમયમાં સમાધિમાં ભગવાનનું દર્શન થયું અને અને આજ્ઞા થઈ કે શ્રીકૃષ્ણાવતાર થશે ત્યારે તમારો સકલ મનોરથ પરિપૂર્ણ થશે. ત્યારબાદ સારસ્વત કલ્પ આવતાં રસાત્મક શ્રીપુષ્ટિપુરુષોત્તમ શ્રીકૃષ્ણનો પ્રાદુર્ભાવ થયો અને આ અગ્નિકુમારો ત્રણ ત્રણ ભાવથી પ્રકટ થયા.

૧. સત્ત્વગુણયુક્ત સોળ હજાર રાજકન્યાઓ રૂપે પ્રકટ થયા, જેને ભૌમાસુરે કેદ કરીને રાખી હતી અને આ ભૌમાસુરને હણીને ભગવાન શ્રીકૃષ્ણે આ સોળ હાજાર રાજકન્યાઓને દ્વારકામાં લાવીને અંગીકાર કર્યો હતો.

૨. રજોગુણયુક્ત મથુરાની સ્ત્રીઓ રૂપે જન્મી, કંસને મારવા મથુરા પધારતી વેળા આપે સ્વનયનો દ્વારા આ સ્ત્રીઓનો મનોરથ પૂર્ણ કરી અંગીકાર કર્યો હતો.

૩. તામસગુણયુક્ત વ્રજસ્ત્રીઓ રૂપે પ્રકટ થઈ હતી. આમાં ચાર પ્રકારના વ્રજભક્તો હતા : (૧) તામસતામસ (૨) તામસરાજસ (૩) તામસસાત્ત્વિક અને (૪) નિર્ગુણ

રાસલીલા સમયે અંતર્ગૃહગતામાં જે વ્રજભક્તોને તેમના દેહ-સંબંધીઓએ પ્રતિબંધ કરી આવતાં અટકાવ્યા હતા અને ત્યારપછી વિરહ તાપ સાથે ભગવદ્‌સાયુજ્ય પ્રાપ્ત કર્યું હતું તે તામસતામસ પ્રકારના હતા.

કાત્યાયની દેવીની પૂજા કરી શ્રીયમુનાજીની કૃપાથી નંદસુત શ્રીકૃષ્ણને પતિસ્વરૂપે પ્રાપ્ત કર્યા હતા તે તામસ રાજસ પ્રકારના હતા.

ગોપભાર્યારૂપે તામસસાત્ત્વિક અને અન્ય નિર્ગુણ પ્રકારના હતા. વિશેષમાં જ્યારે શ્રીઠાકોરજી દ્વારકા પધાર્યા ત્યારે કેટલાક ભક્તોએ વિરહતાપ કરીને દેહત્યાગ કર્યો હતો તેમજ કેટલાક ભગવાનથી વિમુખ રહી ગયા હતા. તે બધા કીડીથી હાથી પર્યંત લક્ષ ચોરાસી યોનિના ચક્રમાં આવ્યા અને શ્રીપ્રભુનો વિયોગ થયો હતો. લૌકિક માયાના આવરણમાં લપેટાઈને આસુરી જીવો સાથે મિશ્ર થઈને મહાદુઃખિત થયા હતા અને સ્વરૂપવિસ્મૃતિ થતાં ભગવદાશ્રય છૂટી ગયો હતો.

એકવાર લીલાધામમાં પ્રસન્નતાથી બિરાજતા શ્રીપ્રિયા-પ્રીતમને નિજધામમાંથી વિખૂટા પડેલા દૈવી જીવોનું સ્મરણ થઈ આવ્યું. આ સૌનો અપરાધ ક્ષમા કરી પુનઃ નિત્યલીલા સંબંધ કરાવવા માટે, શ્રીયુગલસ્વરૂપે અંતરંગ કૃપાશકિતસ્વરૂપ શ્રીમદ્‌વલ્લભને ભૂતલ ઉપર પધારવા આજ્ઞા કરી. તદનુસાર શ્રીમહાપ્રભુજી દૈવીજીવોના ઉધ્ધારાર્થે ભૂતલ ઉપર પધાર્યા.

એકવાર પૃથ્વીપરિક્રમા કરતાં કરતાં શ્રીમહાપ્રભુજી વ્રજમાં પધાર્યા હતા અને શ્રાવણ સુદ એકાદશીની રાત્રિએ શ્રીમદ્‌ગોકુલના ગોવિંદઘાટ ઉપર આપશ્રી પોઢ્યા હતા. તે સમયે આપશ્રીને મહાચિંતા ઉપજી કે દૈવીજીવો તો આસુરીજનોના સંગમાં પ્રવાહમિશ્રિત થઈ ગયા છે. વળી તેઓ અગણિત દોષોથી ભરેલા છે અને શ્રીપ્રભુ તો નિર્દોષપૂર્ણગુણ વિગ્રહ ગુણનિધાન છે. આવા સદોષ જીવોનો નિર્દોષ પ્રભુ સાથે સંબંધ કેવી રીતે થાય ? ત્યારે અત્યંત ચિંતાતુર બનેલા શ્રીમહાપ્રભુજી સન્મુખ શ્રાવણ સુદ એકાદશીની મધ્યરાત્રિએ સાક્ષાત કોટિકંદર્પલાવણ્યરૂપ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણ તત્કાલ પ્રકટ થયા અને સ્વમુખે આજ્ઞા કરી કે "આપ ચિંતા ન કરશો. જે દૈવીજીવને આપ નામનિવેદન કરાવી બ્રહ્મસંબંધનું દાન કરશો તેનો હું અવશ્ય અંગીકાર કરીશ. તેના સર્વ દોષો નિવૃત થશે અને હું તે દૈવીજીવનો કદાપિ ત્યાગ કરીશ નહિ."

દૈવીજીવોના ઉધ્ધારાર્થે આપે ત્રણ ત્રણ વાર પૃથ્વી પરિક્રમા કરી. કેટલાક દૈવીજીવોને ઓળખી ઓળખીને અંગીકાર કર્યો, કેટલાકને સ્વસ્વરૂપનું અને જીવસ્વરૂપનું કૃપા કરી જ્ઞાન કરાવીને શરણે લીધા, કેટલાકનો માહાત્મ્ય જ્ઞાનથી અંગીકાર કર્યો અને કેટલાક દૈવીજીવોનો પોતાના અંતરંગ સેવકો દ્વારા પણ શરણે લીધા હતા. તામસ યોનિમાં પડેલા અસંખ્ય જીવોનો આપના ચરણારવિંદની રજના સંબંધમાત્રથી મુક્ત કર્યા હતા. આ સંબંધમાં વલ્લભાખ્યાન - ૨ માં ગોપાલદાસજી ગાય છે કે "તે તામસના અઘ હર્યા પરતાપ પદરજ ગંધ"

જીવગતિ : અંતિમ જન્મ થતાં સ્થૂળ દેહ સાથે સૂક્ષ્મ (લિંગ) દેહનો નાશ થાય છે અને દૈવીજીવને નિત્યલીલાધામમાં લઈ જવા માટે શ્રીમહાપ્રભુજીના ચાર અંતરંગ ભગવદીયો દૂત/દૂતી રૂપે આવે છે. બે દૂત / દૂતી જીવની બાંહ પકડીને બંને બાજુએ ચાલે છે. એક દૂત/દૂતી આગળ ચાલે છે અને એક પાછળ ચાલે છે. આ દૂત/દૂતી એવી સાવધાની રાખે છે કે કદાચ અનેક જન્મોની વાસનાઓ ફરીથી જીવને બંધનમાં નાખીને પાછો ધકેલી ન દે. આ પ્રકારે વાયુવેગે જીવાત્માને લઈ જાય છે. માયિક સૃષ્ટિની હદ વટાવીને આગળ જતાં દૂર એક ખિડકી આવે છે. તેની બંને બાજુએ સો યોજન લાંબી મોટી ખાઈ આવે છે. આ ખાઈનો વૈભવ અદ્‌ભુત મોહજનક છે. શ્રીમહાપ્રભુજીએ અંતરંગ દૂત/દૂતીને આજ્ઞા કરી છે કે ખાઈનો વૈભવ જોઈ રંચક પણ જીવનું મન આસકત થઈ જશે તો તેનું કાર્ય સિધ્ધ થશે નહિ અને ભગવદ્‌પ્રાપ્તિમાં અંતરાય પડશે. આથી અત્યંત સાવધાનપૂર્વક દૈવીજીવોને લઈ આવવા આપશ્રી આજ્ઞા કરે છે.

ઉત્તર દિશાની ખાઈમાં ઘણા અમૂલ્ય વસ્ત્રો-આભૂષણોથી અલંકૃત સકલ શૃંગારયુક્ત નવયૌવનસંપન્ન સ્ત્રીઓ છે. એવા જ નવયૌવનસંપન્ન અને સુંદર શૃંગારયુક્ત પુરુષો છે. ઉત્તમોત્તમ સજયા, કિંમતી, મણિમય રત્નો અને કામાદિ સામગ્રીથી સિધ્ધ થયેલ વૈભવ છે.

દક્ષિણ દિશાની ખાઈમાં ખાનપાનાદિની સુંદર સામગ્રી, વિવિધ પકવાન, સુગંધીદાર રસપદાર્થો વગેરે છે. આસુરી વૈભવયુક્ત અને મોહક માયિક બાગ છે. આવું અદ્‌ભુત કૌતુક જોતાં જીવ મોહિત પણ ક્યારેક થઈ જવાની સંભાવના રહે છે. બંને બાજુની વિશાળ ખાઈની વચ્ચે એક પગ મૂકીને જઈ શકાય એવી સો યોજનની કેડી (ગેલ) છે. આ કેડી દ્વારા શ્રીમહાપ્રભુજીના દૂત/દૂતી આપની આજ્ઞાનુસાર અંગીકૃત દૈવીજીવને ભગવદ્‌લીલામાં અતિ સાવધાની પૂર્વક લઈ જાય છે. ખાઈમાં રહેલા માયિક વૈભવને જોતાં જીવનું મન મોહિત ન થઈ જાય તે માટે શ્રીમહાપ્રભુજીના દૂત/દૂતી આ દૈવીજીવ સાથે ભગવદ્‌સંબંધી લીલાવાર્તા અખંડ કરતાં કરતાં લઈ જાય છે. કદાચ ખાઈમાંનો માયાજનિત વૈભવ જોઈને જીવનું મન બગડે તો શ્રીમહાપ્રભુજીના દૂત/દૂતી તેવા જીવનો તત્કાલ ત્યાં જ ત્યાગ કરી દે છે અને જીવ ફરીથી અવિદ્યાની ખાઈમાં પડી આસુરી યોનિમાં જાય છે અને ભગવદ્‌પ્રાપ્તિમાં અંતરાય પડે છે. આથી આપશ્રીના અંગીકૃતજીવે ભૂતળ ઉપર પણ ખૂબ જ સાવધાન રહેવું આવશ્યક છે.

શ્રીમહાપ્રભુજીના અંગીકૃત જીવો માયાજનિક મોહકશાસ્ત્રોથી વિચલિત થાય નહિ તે માટે આપશ્રીએ કૃપા કરી સ્વમાર્ગીય અનેક ગ્રંથો પ્રકટ કર્યા છે. માયાવાદનું ખંડન કરીને સાકાર બ્રહ્મવાદનું સ્થાપન કર્યું છે. દુ:સંગ, અન્યાશ્રય, અસદ્આલાપ અને અસમર્પિત ભક્ષણ - આ ચારનો ત્યાગ પુષ્ટિજીવો માટે અનિવાર્ય છે. **આપશ્રીની આજ્ઞાનુસાર સંપૂર્ણ સમર્પિત જીવન જીવનાર અનન્યાશ્રિત દૈવીજીવોની નિકટ યમદૂતો કદાપિ આવતા નથી અને તેમની દુર્ગતિ પણ થતી નથી.**

આ પ્રકારે વાયુવેગથી શ્રીમહાપ્રભુજીના દૂત/દૂતી દૈવીજીવની બાંહ પકડીને સાવધાનીથી એક મુહૂર્તમાં અવિદ્યા/માયાની ખાઈ પાર કરીને લઈ જાય છે. આગળ લોકાલોક પર્વતને પાર કરીને આગળ જાય છે, જ્યાં કોઈ ભય હોતો નથી. આગળ સાત લોક પાર કરીને આગળ જતાં વ્યાપિવૈકુંઠમાં પહોંચે છે. અહીં વ્યાપિવૈકુંઠની ખિડકીને પીઠ દઈને ભગવદ્માયા મહામોહ સ્વરૂપ ધારણ કરીને ઊભી છે. કોઈને પણ વ્યાપિવૈકુંઠમાં પ્રવેશ કરવા દેતી નથી. મર્યાદામાર્ગીય જીવ, મુક્તિમાર્ગીય અધિકારી, કોઈ દેવ-દેવી, ઋષિ કે બ્રહ્મજ્ઞાનીની ગતિ કેવળ રમાવૈકુંઠ સુધી જ હોય છે. ભગવદ્માયાના પ્રતાપબળે આ બધા વ્યાપિવૈકુંઠમાં પ્રવેશ કરી શકતા નથી. પરંતુ શ્રીમહાપ્રભુજીના દૂત/દૂતીના તેજ પ્રતાપ બળને જોઈ આ ભગવદ્માયા સદા ડરતી રહે છે. ભૂતળ પરથી દૈવીજીવને લઈને આવતા શ્રીમહાપ્રભુજીના આ દૂત/દૂતીને જોઈ, ભગવદ્માયા વ્યાપિવૈકુંઠની ખિડકીથી દૂર જઈને ઊભી રહે છે અને દીનતાપૂર્વક દૂત/દૂતીને તેમજ દૈવીજીવને પ્રણામ કરીને વિનંતી કરે છે કે ‘તમે ધન્ય છો. મને પરાજિત કરીને તમે ભગવદ્ધામમાં આવ્યા છે તમારી સમાન કોઈ જ નથી.’ ત્યારબાદ આ દૂત/દૂતી દૈવીજીવને લઈ, આ ખિડકી દ્વારા વ્યાપિ-વૈકુંઠમાં પ્રવેશ કરે છે. આગળ બ્રહ્મસદન છે, જે બ્રહ્મનું ધામ છે. અહીં આદિ બ્રહ્મ બિરાજે છે. શ્રીમહાપ્રભુજીના દૂત/દૂતી આ બ્રહ્મસદનની પણ આગળ ભગવદ્લીલા સંબંધી નિત્યવિહારની દ્વાદશ કુંજો છે, ત્યાં જાય છે પ્રત્યેક કુંજની શોભા-લીલાવૈભવ અલૌકિક અને અદ્ભુત છે. પ્રિયા-પ્રીતમના દર્શન કરી, પછી આપની આજ્ઞાથી આ દ્વાદશ કુંજોનું દર્શન કરવા દૈવીજીવ ભાગ્યવાન બને છે.

(૧) પુષ્પ કુંજ

પ્રથમ ‘પુષ્પકુંજ’ના દર્શન કરવા દૈવીજીવ જાય છે. આ કુંજના શ્રીઠાકોરજી શ્રીમદનમોહનજી છે. કુંજના દ્વારે પહોંચી, આ દૂત/દૂતી ત્યાંની દ્વારપાલની સખીને વિનંતિ કરે છે કે કોઈક અપરાધવશ અનંત કાળથી વિખૂટા પડેલા આ દૈવીજીવને શ્રીમહાપ્રભુજીની આજ્ઞાથી અમે સાવધાનીપૂર્વક અહીં લાવ્યા છીએ. આ સાંભળતાં જ દ્વારપાલની સખી ત્વરિત ભીતર જઈ, આ કુંજના અધિપતિ શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજીને સર્વ સમાચાર આપે છે. પ્રિયા-પ્રીતમ પણ અતિ પ્રસન્ન વદને આ દૈવીજીવને ભીતર લઈ આવવા આજ્ઞા કરે છે. આ પ્રકારે આજ્ઞા થતાં દ્વારપાલની સખી આ દૈવીજીવના હાથમાં પુષ્પ અને ફલની ભાવરૂપી છાબ આપે છે. ભીતર જઈ સૌપ્રથમ શ્રીયુગલસ્વરૂપને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા અને ત્યારબાદ પુષ્પના શૃંગાર કરી ફલભોગ ધરવા સૂચન કરે છે. દ્વારપાલ સખીની આજ્ઞાનુસાર દૈવીજીવ ભીતર પ્રવેશ કરીને પ્રથમ શ્રીયુગલસ્વરૂપને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરે છે. પુષ્પના શૃંગાર અને ફલભોગ ધરીને પ્રિયા-પ્રીતમને પ્રસન્ન કરે છે અને બે હાથ જોડી દીનતાપૂર્વક સેવા અંગીકાર કરવા વિનંતિ કરે છે. પ્રિયા-પ્રીતમ અતિપ્રસન્નતાપૂર્વક પોતાનો ઉત્તરીય શૃંગાર અને પ્રસાદી ફલ આપી સમાધાન કરે છે. ત્યારબાદ પોતાની એક નિજસખીને બોલાવી, શ્રીઆચાર્યજીની કૃપાથી અનેક જન્મોના અંતરાય બાદ અહીં આવેલા આ દૈવીજીવને આ કુંજની લીલાકૌતુકના દર્શન કરાવવા તેમજ સૌ સખીજનો સાથે મિલન કરાવવા આજ્ઞા કરે છે. વિશેષમાં આજ્ઞા કરે છે કે આ લીલાવૈભવ જોઈ તેના મનમાં કદાચ દ્વેષ-ઈર્ષ્યા ઉપજે તો તેને ભૂતળ ઉપર તત્કાલ નાખી દેવા અને લીલાવૈભવ જોતાં વ્રજભક્તો પતિ સ્નેહ-વિશ્વાસ અને ભક્તિભાવ ઉપજે તો અહીં પાછો લઈ આવવાનું જણાવે છે.

આ પ્રમાણે પ્રિયા-પ્રીતમની આજ્ઞાનુસાર, નિજસખી આ દૈવીજીવનો હાથ પકડીને પરમ સ્નેહથી કુંજની અલૌકિક શોભાનું દર્શન કરાવવા લઈ જાય છે. અહીં સુંદર મણિમય-રત્નજટિત ભૂમિ છે. મણિમય-સ્ફાટિક ભીંતો છે. હાટકમણિ જટિત દ્વાર છે. મુકતામણિ-જટિત સ્તંભ છે.નીલમણિજટિત છત છે. નવપલ્લવિત વૃક્ષો ફળ-ફૂલોથી ઝૂમિ રહ્યાં છે. કુંજની સર્વ લીલા સામગ્રી રસાત્મક છે. અહીં આસુરી મોહમાયા, કામ, ક્રોધ, લોભ, મત્સર વગેરેનું નામ નથી. સર્વ પશુ-પક્ષીગણ પણ સ્વરૂપાત્મક છે. તેમની વાણી સુમધુર અને અલૌકિક છે. સર્વ સખીજનોના દેહ, વસ્ત્રો, આભૂષણો બધું જ અલૌકિક છે. સુંદર-અદ્ભુત

બાગબગીચા છે. મણિમય કંચનના ફૂઆરા ઊડી રહ્યા છે. કુંજમાં વિવિધ ભુવનોના મંદિરની પ્રત્યેક સખી ન્યારી ન્યારી છે. પ્રત્યેક મંદિરમાં કંચનમય ચોકી ઉપર મુખ્ય સખી બિરાજમાન છે. આવી અગણિત સખીજનો છે. પરમ લાવણ્યમય અલૌકિક દેહ છે. મણિજટિત સુભગ મુકતાફલના નખશિખ શૃંગાર છે. અનેક દાસી સેવામાં વિદ્યમાન છે. કોઈ ઉબટનો કરે છે, કોઈ ઉષ્ણોદકથી સ્નાન કરાવે છે, કોઈ અરગજા-સુગંધી લગાવે છે, કોઈ વેણી ગૂંથે છે, કોઈ કાજળ તિલક કરે છે, કોઈ પંખા કરે છે, કોઈ શૃંગાર કરે છે, કોઈ દર્પણ બતાવે છે, કોઈ રસસંયુકત વિવિધ સામગ્રી સિદ્ધ કરે છે, કોઈ આરોંગાવે છે, કોઈ બીડાં સિધ્ધ કરી આરોગાવે છે. પ્રત્યેક મંદિરમાં અનેક દિવ્ય વાજીંત્રો વાગી રહ્યાં છે દ્વારે દ્વારે કંચન કલશ ધર્યા છે. દીપમાલિકા ઝગમગે છે. મુકતાફલના તોરણ બાંધ્યા છે. ધ્વજા-પતાકા ફરફરે છે. આમ પ્રત્યેક મંદિરની અલૌકિક શોભા અને વૈભવ છે. શ્રીપ્રિયા-પ્રીતમની આજ્ઞાકારી સખી શ્રીમહાપ્રભુજીના દૈવીજીવને આ સર્વના દર્શન કરાવે છે અને સૌ સખીજનો સાથે મેળાપ કરાવે છે. અનંતકાળથી વિખૂટા પડેલા અને શ્રીમહાપ્રભુજીની કૃપાથી પુનઃ લીલાધામમાં આવેલા આ દૈવીજીવને જોઈ, પ્રત્યેક મંદિરની મુખ્ય સખી ખૂબ પ્રસન્નતાથી આવકાર આપી સર્વ સમાચાર પૂછે છે.

ત્યારપછી આજ્ઞાકારી સખી શ્રીમહાપ્રભુજીના અંગીકૃત દૈવીજીવને શ્રીયુગલ સ્વરૂપની પાસે પાછો લઈને આવે છે. ફરીથી આ દૈવીજીવ શ્રીસ્વામિનીજીને અન્ય કુંજની લીલાવૈભવ અને વિવિધ ભુવનોના દર્શન કરાવવા વિનંતી કરે છે. દૈવીજીવની દીનતાપૂર્ણ વિનંતિ સ્વીકારી, તેને હવે 'ફલકુંજ' ના લીલાવૈભવના દર્શન કરવા તેના દ્વારે પહોંચાડવા નિજસખી પ્રતિ આપ આજ્ઞા કરે છે.

(૨) ફલકુંજ

હવે પુષ્પકુંજની આજ્ઞાકારી સખી આ દૈવીજીવને લઈ ફલકુંજના દ્વારપાલની સખી પાસે આવીને સર્વ સમાચાર આપે છે. આથી આ દ્વારપાલની સખી ભીતર જઈ, અનેક જન્મોના અંતરાય પછી શ્રીમહાપ્રભુજી દ્વારા અંગીકૃત જીવના અહીં આવ્યાના અને ફલકુંજના લીલાવૈભવના દર્શનની ઈચ્છાના સમાચાર શ્રીયુગલસ્વરૂપને નિવેદિત કરે છે. આ સાંભળી ફલકુંજના અધિપતિ શ્રીપ્રિયા-પ્રીતમ આવા ભાગ્યવાન જીવને શીઘ્ર અંદર લાવવા આજ્ઞા આવે છે. આથી દ્વારપાલની સખી દૈવીજીવના હાથમાં પુષ્પ અને ફલની ભાવરૂપી છાબ આપે છે અને ભીતર જઈ શ્રીપ્રિયા-પ્રીતમને પ્રથમ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને

પછી પુષ્પનો શૃંગાર કરવા તથા ફલભોગ ધરવા સમજાવે છે. ત્યારબાદ આ દૈવીજીવ ભીતર જઈ દ્વારપાલની સખીની આજ્ઞાનુસાર સર્વ કંઈ કરે છે. ત્યારબાદ આ કુંજના અધિપતિ પ્રસન્ન થઈને આ દૈવીજીવની સેવા અંગીકાર કરે છે તથા ઉત્તરીય શૃંગાર અને પ્રસાદી ફલભોગ આપી સમાધાન કરે છે. ત્યારબાદ નિજસખીને બોલાવી અહીં શ્રીમહાપ્રભુજીની કૃપાથી આવેલા આ દૈવીજીવને આ કુંજની લીલાસામગ્રીના દર્શન કરાવવા તેમજ સૌ સખીજનો સાથે મિલન કરાવવા આજ્ઞા કરે છે. અલૌકિક લીલાસામગ્રીના દર્શન કરતાં આ દૈવીજીવમાં સ્નેહ-પ્રીતિ ઉપજે તો અહીં પાછો લાવવા અને કદાચ દ્વેષ-અદેખાઈ ઉપજે તો ભૂતલ ઉપર નાખી દેવા આજ્ઞા કરે છે. શ્રીસ્વામિનીજીની આજ્ઞાકારી નિજસખી આ દૈવીજીવનો હાથ પકડીને ફલકુંજના લીલાવૈભવના દર્શન કરાવે છે. અને વિવિધ ભુવનોના મંદિરોના દર્શન તેમજ તેની મુખ્ય સખી સાથે મેળાપ કરાવે છે.

કુંજમાં કોઈ જ પ્રાકૃત ધર્મ નથી. જરા-વ્યાધિ, સુખઃદુઃખ, હર્ષ-શોક વગેરે કંઈ જ નથી. સર્વ કાંઈ સ્વરૂપાત્મક સુખનિધિરૂપ છે. વિવિધ મંદિરના સખીજનો શ્રીઆચાર્યજી દ્વારા અંગીકાર થઈ અહીં આવેલા દૈવીજીવની આપવીતી પૂછે છે. સર્વ સમાચાર શ્રવણ કરી, મંદિરની મુખ્ય સખી પ્રશંસા કરતાં 'ધન્ય છે' એમ કહે છે. દૈવીજીવને આદર-સન્માન આપીને મનોહર એવં સુંદર પ્રસાદથી સમાધાન કરે છે. પ્રસાદી બીડાં, સુભગ વસ્ત્ર-અલંકાર-ફલ-ફૂલ વગેરે આપે છે. ત્યારબાદ અહીંથી વિદાય લઈ અન્ય મંદિરની સખી સાથે મિલાપ કરાવે છે. સૌ પરસ્પર મળે છે, ભેટે છે અને સર્વ સમાચાર પૂછે છે.

આ પ્રમાણે ફલ કુંજના દર્શન કરાવીને, શ્રીસ્વામિનીજીની આજ્ઞાકારી નિજસખી, આ દૈવીજીવને શ્રીયુગલસ્વરૂપની પાસે પાછો લાવે છે અને શ્રીપ્રિયા-પ્રીતમની સન્મુખ સર્વ સમાચાર નિવેદન કરે છે. ત્યારબાદ કુંજના અધિપતિ આ દૈવીજીવને પૂછે છે : "હવે તારો કંઈ મનોરથ છે ?" ત્યારે આ દૈવીજીવ વિનંતિ કરે છે કે "આમ તો મારે કોઈ વાતનો મનોરથ નથી પરંતુ અન્ય કુંજના લીલાવૈભવના દર્શન કરવાની તેમજ કુંજના વિવિધ મંદિરોના સખીજનોને મળવાની ઈચ્છા છે, કારણકે અગણિત કાળ પછી વ્યતીત થઈ ગયા બાદ હું અહીં આવી છું. આથી મને સર્વ કાંઈ વિસ્મરણ થઈ ગયું છે. આથી આપના કૃપાકટાક્ષથી કુંજોના લીલાવૈભવના દર્શનની અભિલાષા છે." આમ દૈવીજીવના દીનતાપૂર્ણ વચનો સાંભળી, શ્રીસ્વામિનીજી પરમ કૃપા કરીને આજ્ઞાકારી નિજસખીને બોલાવી, આ દૈવીજીવને 'રસકુંજ' ના દ્વારે પહોંચાડવા આજ્ઞા કરે છે.

(૩) રસ કુંજ

હવે શ્રીસ્વામિનીજીની આજ્ઞાવર્તી નિજસખી રસકુંજના દ્વારે જઈને, ત્યાંના દ્વારપાલની સખીને વિસ્તારપૂર્વક સર્વ સમાચાર કહે છે. આથી દ્વારપાલની સખી ભીતર જઈ, શ્રીમહાપ્રભુજીની કૃપાથી માયાને પાર કરી એક દૈવીજીવ અહીં આવ્યાના તેમજ આ કુંજના લીલાવૈભવના દર્શન કરવા આતુર હોવાના સર્વ સમાચાર શ્રીપ્રિયા-પ્રીતમને નિવેદિત કરે છે. પ્રથમ પુષ્પકુંજના અને ત્યારપછી ફલકુંજના દર્શન કરીને, આ દૈવીજીવ રસકુંજના લીલાદર્શન કરવા આવ્યો છે એવા સમાચાર સાંભળતાં શ્રીયુગલસ્વરૂપ અતિ પ્રસન્નતાથી આવા ભાગ્યવાન જીવને શીઘ્ર ભીતર લાવવા આજ્ઞા કરે છે

આજ્ઞાનુસાર દ્વારપાલસખી આ દૈવીજીવનો હાથ પકડી ભીતર પ્રવેશ કરાવે છે. સાથે પુષ્પ અને ફલની ભાવરૂપી છાબ તેના હાથમાં આપી, સાષ્ટાંગ દંડવત્ પ્રણામ સહ, આ કુંજના અધિપતિને અંગીકાર કરાવવા સૂચન કરે છે. આજ્ઞાનુસાર દૈવીજીવ આ સર્વ કાંઈ કરે છે. શ્રીપ્રિયા-પ્રીતમ અતિ પ્રસન્નતાપૂર્વક અંગીકાર કરીને, સ્વહસ્તથી ઉત્તરીય શૃંગાર અને મહાપ્રસાદ આપી, આ દૈવીજીવનું સમાધાન કરે છે અને સર્વ સમાચાર પૂછી અપરાધની ક્ષમા આપે છે.

ત્યારબાદ આજ્ઞાકારી નિજસખીને બોલાવી, આ કુંજના લીલા વૈભવના દર્શન તેમજ સર્વ સખીજનો સાથે મિલન કરાવવા આજ્ઞા કરે છે. અલૌકિક લીલાસામગ્રીના દર્શન કરતાં પ્રેમ-આસકિત ઉપજે તો તેને અહીં પાછો લાવવા અને જો ઈર્ષ્યા-દ્વેષ ઉપજે તો ભૂતળ ઉપર નાખી દેવા આજ્ઞા કરે છે. આજ્ઞાનુસાર નિજસખી આ દૈવીજીવની બાંહ પકડીને કુંજની દિવ્યશોભા વગેરેના દર્શન કરાવે છે. કુંજના વિવિધ ભુવનોના મંદિરના પણ લીલાવૈભવના દર્શન તેમજ સખીજનો સાથે મિલન કરાવે છે. ભૂતળ પરથી અહીં આવેલા આ દૈવીજીવનું સર્વ મંદિરની મુખ્ય સખી ઘણું આદર-સન્માન કરે છે. ઉત્તમ આસન આપી બેસાડે છે અને સ્વહસ્તથી પ્રસાદ આપી સમાધાન કરે છે. સર્વ સમાચાર પૂછે છે.

ત્યારપછી સૌની વિદાય લઈ, આ દૈવીજીવને શ્રીયુગલસ્વરૂપની પાસે પાછો લાવે છે. શ્રીસ્વામિનીજી આ દૈવીજીવને પૂછે છે : "તારો હવે કંઈ મનોરથ છે?" ત્યારે આ દૈવીજીવ બે હાથ જોડી સદૈન્ય વિનંતિ કરે છે:" કૃપાનાથ, આપના અનુગ્રહથી કોઈ વાતનો મનોરથ તો નથી જ પરંતુ હજુ અન્ય કુંજના લીલાવૈભવના દર્શન કરવાની તથા સૌ સખીજનોને મળવાની કામના છે." આ સાંભળી

શ્રીસ્વામિનીજી અતિ પ્રસન્ન થઈ હવે આ દૈવીજીવને 'મધુકુંજ' ના દ્વારપાલની સખી પાસે પહોંચાડવા આજ્ઞા કરે છે.

(૪) મધુ કુંજ

હવે આજ્ઞાકારી નિજસખી આ દૈવીજીવને મધુકુંજના દ્વારે લઈ જઈ, દ્વારપાલની સખીને સર્વ સમાચાર કહે છે. શ્રીમહાપ્રભુજીની કૃપાથી અનેક જન્મોના અંતરાય પછી અહીં આવેલા આ દૈવીજીવને મધુકુંજની અલૌકિક લીલાવૈભવના દર્શન કરાવાના અને સૌ સખીજનોને મળવાના તેના મનોરથના સમાચાર શ્રી પ્રિયા-પ્રીતમને પહોંચાડવા વિનંતી કરે છે. ભીતર જઈ સર્વ સમાચાર નિવેદિત કરતાં, શ્રીયુગલસ્વરૂપ અતિ પ્રસન્નતાથી આવા ભાગ્યવાન જીવને શીઘ્ર અંદર લાવવા આજ્ઞા આપે છે. આજ્ઞાનુસાર દ્વારપાલની સખી આ દૈવીજીવના હાથમાં પુષ્પ અને ફલની ભાવરૂપી છાબ આપી, તેની બાંહ પકડીને અંદર લઈ જાય છે. સાષ્ટાંગ દંડવત્ પ્રણામ સહ પુષ્પના શણગાર અને ફલભોગ અંગીકાર કરાવી, દૈવીજીવ ધન્યતા અનુભવે છે. આ કુંજના અધિપતિ પણ અતિ પ્રસન્ન થઈ ઉત્તરીય શૃંગાર અને પ્રસાદ આપી તેનું સમાધાન કરે છે. સર્વ સમાચાર પૂછે છે.

ત્યારબાદ આ કુંજના અધિપતિ આજ્ઞાકારી નિજસખીને બોલાવી, મધુકુંજની અલૌકિક લીલાસામગ્રીના દર્શન કરાવવા તેમજ વિવિધ ભુવનોના, મંદિરોના દર્શન તથા સૌ સખીજનો સાથે મેળાપ કરાવવા આજ્ઞા કરે છે. વિશેષમાં આજ્ઞા કરે છે કે આ સઘળું જોતાં આ દૈવીજીવને પ્રેમ-સ્નેહ ઉપજે તો અહીં પાછો લાવજો પરંતુ કદાચ ઈર્ષ્યા-દ્વેષ ઉપજે તો ભૂતલ ઉપર નાખી દેજો. ત્યારપછી આજ્ઞાવર્તી નિજસખી આ દૈવીજીવનો હાથ પકડી મધુકુંજના ભુવનોના વિવિધ મંદિરોની દિવ્ય લીલાસામગ્રીના દર્શન કરાવે છે. મુખ્ય સખી અને સર્વ સખીજનો સાથે મિલન કરાવે છે. ભૂતલ પરથી અનેક જન્મોના અંતરાય પછી અહીં આવેલ આ દૈવીજીવને આદરપૂર્વક આસન પર બેસાડે છે, વિવિધ ભાંતના મનોહર ભોજન અને સુગંધી-પ્રસાદી બીડાંથી સમાધાન કરે છે. સુંદર આભૂષણોથી શૃંગાર કરે છે તથા સર્વ સમાચાર પૂછે છે.

ત્યારબાદ સૌની વિદાય લઈ, આજ્ઞાવર્તી સખી આ દૈવીજીવને શ્રીપ્રિયા-પ્રીતમની પાસે પાછો લાવે છે. શ્રીસ્વામિનીજી આ દૈવીજીવને પૂછે છે : " હવે તારો કંઈ મનોરથ છે?" ત્યારે તે વિનંતિ કરે છે : "કૃપાનાથ ! આપના અનુગ્રહથી મારે હવે કોઈ જ મનોરથ નથી પરંતુ હજુ વધુ કુંજોની દિવ્ય શોભાના દર્શન કરવાની તેમજ સૌ સખીજનોને મળવાની ઉત્કટ ઈચ્છા છે." આ સાંભળી

શ્રીસ્વામિનીજી અતિ પ્રસન્ન વદને પોતાની આજ્ઞાવર્તી સખીની સાથે, આ દૈવીજીવને આગળની 'ગોકુંજ' ના દ્વારે પહોંચાડવા આજ્ઞા કરે છે.

(૫) ગોકુંજ

હવે આજ્ઞાવર્તી નિજસખી આ દૈવીજીવની બાંહ પકડી ગોકુંજના દ્વારપાલની સખી પાસે આવી સર્વ સમાચાર આપે છે. શ્રીઆચાર્યજીની કૃપાથી અવિદ્યાને જીતીને અહીં આવેલા આ દૈવીજીવને આ કુંજના લીલા વૈભવના દર્શન કરવાની ઈચ્છા છે. અત્યારસુધી નિત્ય લીલાધામની ચાર કુંજોના દર્શન કરી ચૂકયો છે. ભીતર જઈ સર્વ સમાચાર આ કુંજના અધિપતિને નિવેદિત કરવા વિનંતી કરે છે. આથી દ્વારપાલની સખી ભીતર જઈ સર્વ સમાચાર શ્રીપ્રિયા-પ્રીતમને આપે છે. આ સાંભળી શ્રીપ્રિયા-પ્રીતમ અતિ પ્રસન્ન થઈ આવા ભાગ્યવાન જીવને શીઘ્ર ભીતર લાવવા આજ્ઞા કરે છે.

આજ્ઞાનુસાર દ્વારપાલની સખી દૈવીજીવના હાથમાં પુષ્પ અને ફલની ભાવરૂપી છાબ આવે છે અને ભીતર જઈ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી શ્રીપ્રિયા-પ્રીતમને અંગીકાર કરાવવા સૂચન કરે છે. તદ્અનુસાર આ દૈવીજીવ ભીતર પ્રવેશ કરી કુંજના શ્રીપ્રિયા-પ્રીતમના ભાવપ્રીતિપૂર્વક-દંડવત્ પ્રણામ સહ દર્શન કરીને સેવા અંગીકાર કરાવે છે. શ્રીપ્રિયા-પ્રીતમ અતિ પ્રસન્ન થઈ સર્વ સમાચાર પૂછે છે અને ઉત્તરીય શૃંગાર તથા પ્રસાદીફલથી સમાધાન કરે છે. ત્યારબાદ આજ્ઞાકારી નિજસખીને બોલાવી આ દૈવીજીવને પોતાની કુંજના લીલાવૈભવના તથા અનેક ભુવનોના મંદિરની રચના, અલૌકિક લીલાસામગ્રીના દર્શન, મંદિરની મુખ્ય સખી તેમજ સર્વ સખીજનો સાથે મિલાપ કરાવવાની આજ્ઞા કરે છે. સર્વ લીલાદર્શન કરતાં જો સ્નેહ ઉપજે તો અહીં પાછો લાવવાની અને જો કદાચ દ્વેષ-ઈર્ષ્યા જન્મે તો ભૂતલ ઉપર નાખી દેવાની આજ્ઞા કરે છે.

આ પ્રમાણે આજ્ઞાનુસાર નિજસખી આ દૈવીજીવનો હાથ પકડી સર્વ ભુવનોના મંદિરની દિવ્યરચના, અલૌકિક શોભા વગેરેના દર્શન કરાવે છે અને મંદિરની મુખ્ય સખી સાથે મિલન કરાવે છે ભૂતળ પરથી અહીં આવેલા આ દૈવીજીવને આદર-સન્માન આપી ઊંચા આસને બેસાડે છે. સુંદર ભોજન, પ્રસાદી બીડાં, મનોહર આભૂષણો, ફલ-ફૂલમેવા વગેરેથી સમાધાન કરે છે તથા સર્વ સમાચાર પૂછે છે. દૈવીજીવ પોતાની આપવીતી આદિથી અંતસુધી કહી સંભળાવે છે.

આ પ્રમાણે સૌ સખીજનોને મળી, નિજસખી આ દૈવીજીવને શ્રીપ્રિયા-પ્રીતમ પાસે પાછો લાવે છે. શ્રીસ્વામિનીજી હવે પૂછે છે : "તારો હજુ કંઈ મનોરથ બાકી છે ?" ત્યારે આ દૈવીજીવ ફરીથી વિનંતિ કરે છે કે "કૃપાનાથ, આપની કૃપાથી મારે અન્ય કોઈ મનોરથ નથી પરંતુ હજુ અન્ય કુંજ-ભુવનોની અલૌકિક શોભાના દર્શન કરવાનો તથા તે કુંજના સખીજનોને મળવાનો મનોરથ છે." આ સાંભળી શ્રીસ્વામિનીજી અતિ પ્રસન્ન થઈ, પોતાની એક આજ્ઞાવર્તી સખીને બોલાવી, આ દૈવીજીવને હવે 'દ્વારકુંજ' ના દ્વારે પહોંચાડવાની આજ્ઞા કરે છે.

(૬) દ્વાર કુંજ

હવે આજ્ઞાકારી નિજસખી ભૂતળ પરથી અહીં આવેલ આ દૈવીજીવનો હાથ પકડીને દ્વારકુંજના દ્વારે પહોંચાડે છે અને ત્યાંની દ્વારપાલની સખીને સર્વ સમાચાર આવે છે. ભૂતલ પરથી શ્રીમહાપ્રભુજીની કૃપાથી આ દૈવીજીવ અનેક જન્માંતરો પછી અહીં આવેલ છે અને દ્વારકુંજના અધિપતિ શ્રીદ્વારકાધીશજી અને શ્રીસ્વામિનીજીના દર્શન કરવા તેમજ આ કુંજના લીલાવૈભવના પણ દર્શન કરવાનો તેનો મનોરથ છે. આ સાંભળી દ્વારપાલની સખી ભીતર જઈ શ્રીયુગલસ્વરૂપને સર્વ સમાચાર આપે છે. આથી શ્રીયુગલસ્વરૂપ પ્રસન્નતાપૂર્વક આવા ભાગ્યવાન જીવને ત્વરિત અંદર લાવવા આજ્ઞા કરે છે. આજ્ઞા થતાં જ દ્વારપાલની સખી આ દૈવીજીવના હાથમાં પુષ્પ અને ફલની ભાવરૂપી છાબ આપે છે અને ભીતર પ્રવેશ કરી, સાષ્ટાંગ દંડવત્ પ્રણામ સહ શ્રીપ્રિયા-પ્રીતમને અંગીકાર કરાવવા સૂચન કરે છે. તદનુસાર દૈવીજીવ દ્વારકુંજમાં પ્રવેશ કરી, દીનતાપૂર્વક દંડવત્ પ્રણામ કરીને, શ્રીપ્રિયા-પ્રીતમને પુષ્પના શૃંગાર તથા ફલભોગ ધરાવે છે. શ્રીપ્રિયા-પ્રીતમ અતિ પ્રસન્ન થઈ દૈવીજીવને ઉત્તરીય શૃંગાર અને પ્રસાદી ફલભોગ આપી સમાધાન કરે છે અને સર્વ સમાચાર પૂછે છે. ત્યારબાદ આજ્ઞાવર્તી નિજસખીને બોલાવી, આ દૈવીજીવને સોંપી, આ કુંજનો અલૌકિક લીલાવૈભવ, વિવિધ ભુવનોના મંદિરની દિવ્ય શોભાના દર્શન કરાવવા, મંદિરની મુખ્ય સખી તેમજ સર્વ સખીજનો સાથે મિલાપ કરાવવા આજ્ઞા કરે છે, આ બધું દર્શન કરતાં જો પ્રેમ ઉપજે તો દૈવીજીવને અહીં પાછો લાવવા અને ઈર્ષ્યા-દ્વેષ ઉપજે તો ભૂતળ ઉપર નાખી દેવા આજ્ઞા કરે છે.

આજ્ઞાનુસાર આ નિજસખી દૈવીજીવને દ્વારકુંજના વિવિધ ભુવનોના મંદિરની અલૌકિક લીલાશોભાના દર્શન કરાવે છે, મંદિરની મુખ્ય સખી સાથે મિલાપ કરાવે છે. ભૂતળ પરથી આવેલ આ દૈવીજીવને આદરસન્માન આપી સુંદર આસન પર બેસાડે છે, મધુર રસદાયક ભોજન, પ્રસાદીબીડાં, વિવિધ

આભૂષણો-વસ્ત્રો, પુષ્પમાલા વગેરેથી સમાધાન કરે છે અને સર્વ સમાચાર પૂછે છે.

ત્યારપછી સૌની વિદાય લઈ નિજસખી આ દૈવીજીવને શ્રીપ્રિયા-પ્રીતમ પાસે પાછો લાવે છે. શ્રીસ્વામિનીજી હવે પૂછે છે : "હજુ તારો કંઈ મનોરથ બાકી છે ? "ત્યારે આ દૈવી જીવ કહે છે : "કૃપાનાથ, આપના અનુગ્રહથી હવે તો કોઈ મનોરથ નથી પરંતુ હજુ અન્ય કુંજોની શોભા-લીલાસામગ્રીના દર્શન કરવાનો મનોરથ છે" આથી શ્રીસ્વામિનીજી પ્રસન્ન થઈ પોતાની એક આજ્ઞાકારી સખીને બોલાવી હવે 'નવકુંજ' ના દ્વારે આ દૈવીજીવને પહોંચાડવા આજ્ઞા કરે છે.

(૭) નવકુંજ

હવે આજ્ઞાકારી નિજસખી આ દૈવીજીવને લઈ નવકુંજના દ્વારે આવે છે અને ત્યાંની દ્વારપાલની સખીને સર્વ સમાચાર કહે છે આથી દ્વારપાલની સખી ભીતર જઈ આ કુંજના અધિપતિ શ્રીપ્રિયા-પ્રીતમને ભૂતલ પરથી મહાપ્રભુજીની કૃપાથી અહીં આવેલ દૈવી જીવની સઘળી હકીકત નિવેદિત કરે છે. આથી શ્રીપ્રિયા-પ્રીતમ અતિ પ્રસન્નતાપૂર્વક આવા દૈવીજીવને વિલંબ કર્યા વિના શીઘ્ર ભીતર લાવવા આજ્ઞા કરે છે. આજ્ઞાનુસાર દ્વારપાલની સખી આ દૈવીજીવના હાથમાં પુષ્પ અને ફલની ભાવરૂપી છાબ આપે છે અને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ સહ દીનતાપૂર્વક ભીતર પ્રવેશ કરીને આ કુંજના શ્રીયુગલસ્વરૂપને પ્રસન્ન કરવા સમજાવે છે. તદનુસાર દૈવીજીવ ભીતર જઈને શ્રીયુગલ સ્વરૂપને દંડવત્ પ્રણામ સાથે પુષ્પના શૃંગાર અને ફલભોગ ધરે છે. શ્રીપ્રિયા-પ્રીતમ પણ ખૂબ પ્રસન્ન થઈ આ દૈવીજીવને ઉત્તરીય આભૂષણ અને પ્રસાદીભોગથી સમાધાન કરે છે.સર્વ સમાચાર પૂછે છે. ત્યારબાદ નિજસખીને બોલાવી આ દૈવીજીવને સોંપી, નવકુંજના લીલાવૈભવની રચના તથા સર્વ અલૌકિક સામગ્રીના દર્શન કરાવવા, વિવિધ ભુવનોના મંદિરની રચના તથા દિવ્ય શોભા બતાવવા તેમજ સૌ સખીજનો સાથે મેળાપ કરાવવા આજ્ઞા કરે છે. વિશેષમાં સૌને મળતાં આ દૈવીજીવને પ્રેમભાવ ઉપજે તો તેને ફરીથી અહીં પાછો લાવવા અને ઈર્ષ્યા-દ્વેષ ઉપજે તો ભૂતળ પર નાખી દેવા આજ્ઞા કરે છે.

ત્યારપછી આજ્ઞાનુસાર આ નિજસખી દૈવીજીવની બાંહ પકડીને આ કુંજના વિવિધ ભુવનોના મંદિરની અલૌકિક શોભાના દર્શન કરાવવા લઈ જાય છે. સર્વ મંદિરોની મુખ્ય સખી સાથે મિલન થતાં, આ દૈવીજીવનો આદર-સત્કાર કરી ઊંચા આસને બેસાડે છે. અનેક પ્રકારના રસયુક્ત ભોજન અને પ્રસાદી બીડાંથી સમાધાન કરે છે. વસ્ત્ર-આભૂષણો, પુષ્પમાલા વગેરે આપે છે. પરસ્પર ભેટે છે અને સૌ સખીજનોને મળીને સર્વ સમાચારની આપ-લે કરે છે. ત્યારપછી સૌની વિદાય લઈ આજ્ઞાવર્તી સખી આ દૈવીજીવને ફરીથી નવકુંજના મુખ્ય અધિપતિ શ્રીપ્રિયા-પ્રીતમ પાસે તેને પાછો લાવે છે.

હવે શ્રીસ્વામિનીજી આ દૈવીજીવને પૂછે છે : "તારો કોઈ મનોરથ હવે બાકી છે ?" ત્યારે તે કહે છે : "આપની કૃપાથી મારે કોઈ વાતનો મનોરથ નથી પરંતુ હજુ મને અન્ય કુંજોની લીલા-વૈભવના દર્શન કરવાની તેમજ સૌ સખીજનોને મળવાની અભિલાષા છે." આથી શ્રીસ્વામિનીજી નિજસખીને બોલાવી આ દૈવીજીવને 'શશીકુંજ'ના દ્વારે પહોંચાડવાની આજ્ઞા કરે છે.

(૮) શશી કુંજ

હવે આજ્ઞાકારિણી નિજસખી આ દૈવીજીવને શશીકુંજના દ્વારપાલની સખીની પાસે પહોંચાડે છે અને સર્વ સમાચાર આપે છે. આ સાંભળી દ્વારપાલની સખી ભીતર જઈ, શશીકુંજના શ્રીપ્રિયા-પ્રીતમને દંડવત્ પ્રણામ કરીને, ભૂતળ પરથી અનેક જન્મોના અંતરાય બાદ શ્રીઆચાર્યજીની કૃપાથી અહીં આવેલ દૈવીજીવના સર્વ સમાચાર નિવેદિત કરે છે. આ સાંભળી શ્રીયુગલસ્વરૂપ અતિ પ્રસન્ન થઈ આવા ભાગ્યવાન જીવને વિનાવિલંબે ભીતર લઈ આવવા આજ્ઞા કરે છે. આજ્ઞા મળતાં જ દ્વારપાલની સખી આ દૈવીજીવના હાથમાં ફળ-ફૂલની ભાવરૂપી છાબ આવે છે અને કુંજમાં ભીતર પ્રવેશ કરી દીનતાપૂર્વક સાષ્ટાંગ દંડવત્ પ્રણામ સહ શ્રીપ્રિયા-પ્રીતમને અંગીકાર કરાવવા સમજાવે છે. તદ્અનુસાર આ દૈવીજીવ શશીકુંજમાં પ્રવેશ કરી, શ્રીયુગલસ્વરૂપને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ સાથે પુષ્પના શૃંગાર તથા ફલભોગ સમર્પણ કરે છે. શ્રીયુગલ સ્વરૂપ પણ અતિ પ્રસન્નતાથી સર્વ કંઈ અંગીકાર કરીને ઉત્તરીય શૃંગાર અને પ્રસાદી આપી સમાધાન કરે છે. તથા સર્વ સમાચાર પૂછે છે. ત્યારબાદ પોતાની એક આજ્ઞાકારી નિજસખીને બોલાવી આ દૈવીજીવને તેને સોંપી, આ કુંજની અલૌકિક શોભાના દર્શન કરવા તેમજ વિવિધ ભુવનોના મંદિરની દિવ્ય લીલાવૈભવના પણ દર્શન કરાવવા આજ્ઞા કરે છે. વિવિધ મંદિરોની મુખ્ય નાયિકા સાથે મિલાપ કરાવવા તથા સૌ સખીજનો સાથે મિલન કરાવવા પણ આજ્ઞા કરે છે. વિશેષમાં સૌને મળતાં પ્રેમ ઉપજે તો અહીં પાછો લાવવા તથા ઈર્ષ્યા-અદેખાઈ ઉપજે તો ભૂતળ પર નાખી દેવા આજ્ઞા કરે છે.

આજ્ઞાનુસાર આજ્ઞાકારી નિજસખી આ દૈવીજીવને શશીકુંજના અનેક ભુવનોના મંદિરોની અલૌકિક લીલા-શોભાના દર્શન કરાવવા લઈ જાય છે.

મંદિરોની મુખ્ય સખી તેમજ સૌ સખીજનો સાથે પણ મિલન કરાવે છે. ભૂતળ પરથી અનેક જન્માંતરોના અંતરાય બાદ આવેલા આ દૈવીજીવને આદરસન્માનપૂર્વક આસને બેસાડીને સુંદર રસયુક્ત પકવાન, પ્રસાદી બીડાં, દિવ્ય અલંકારો, પુષ્પમાલાઓ વગેરેથી સમાધાન કરે છે તથા સર્વ સમાચાર પૂછી આનંદિત થાય છે. ત્યારબાદ સૌની વિદાય લઈ આ દૈવીજીવને શ્રીપ્રિયા-પ્રીતમ પાસે પાછો લાવે છે.

હવે શ્રીસ્વામિનીજી અતિ પ્રસન્ન થઈ પૂછે છે : "હજુ તારે કંઈ મનોરથ છે ?" "ત્યારે આ દૈવીજીવ વિનંતિ કરે છે :" આપની કૃપાથી મારા બીજા કોઈ મનોરથ નથી પરંતુ હજુ અન્ય કુંજોની રચના-દિવ્ય શોભાના દર્શન કરવાની કામના છે." આ સાંભળી શ્રીસ્વામિનીજી અતિ પ્રસન્ન થઈ, પોતાની આજ્ઞાવર્તી સખીને બોલાવી આ દૈવીજીવને હવે 'પ્રેમકુંજ' ના દ્વારે પહોંચાડવા આજ્ઞા કરે છે.

(૯) પ્રેમ કુંજ

હવે આજ્ઞાવર્તી નિજસખી આ દૈવીજીવનો હાથ પકડી, પ્રેમકુંજના દ્વારપાલની સખી પાસે આવીને સર્વ સમાચાર કહે છે. આથી દ્વારપાલની સખી ભીતર જઈ આ કુંજના અધિપતિને સર્વ હકીકત નિવેદિત કરે છે. ભૂતળ પરથી અનેક જન્મોના અંતરાય પછી શ્રીમહાપ્રભુજીની કૃપાથી અહીં આવેલા આ ભાગ્યવાન દૈવીજીવને આ કુંજમાં પ્રવેશતાં ન અટકાવવા તેમજ તેને શીઘ્ર ભીતર લાવવા શ્રીપ્રિયા-પ્રીતમ આજ્ઞા કરે છે. આજ્ઞાનુસાર દ્વારપાલની સખી આ દૈવીજીવના હાથમાં ભાવરૂપી ફલ-ફૂલની છાબ આપે છે. અને કુંજની ભીતર જઈ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ સાથે દીનતાપૂર્વક શ્રીપ્રિયા પ્રીતમને અંગીકાર કરાવવા સમજાવે છે. તદનુસાર આ દૈવીજીવ પ્રેમકુંજની ભીતર પ્રવેશ કરી, સૌ પ્રથમ શ્રીપ્રિયા-પ્રીતમને દંડવત્ પ્રણામ કરીને ફલભોગ-પુષ્પનો શૃંગાર ધરાવે છે અને બે હાથ જોડી દીનતાપૂર્વક સન્મુખ ઊભો રહે છે. શ્રીપ્રિયા-પ્રીતમ પણ આ દૈવીજીવને જોઈ અતિ પ્રસન્નતાથી સર્વ સમાચાર પૂછે છે અને ઉત્તરીય શૃંગાર તથા પ્રસાદી ભોગથી તેનું સમાધાન કરે છે, ત્યારબાદ નિજસખીને બોલાવી આ દૈવીજીવને કુંજની અલૌકિક લીલાશોભાના દર્શન કરાવવા, વિવિધ ભુવનોના મંદિરની દિવ્ય રચના - લીલાસામગ્રીના દર્શન તેમજ સૌ સખીજનો સાથે મિલન કરાવવા આજ્ઞા કરે છે આ સમગ્ર લીલાવૈભવ નિરખતાં જો પ્રેમ જાગે તો અહીં પાછો લાવવા અને ઈર્ષ્યા-દ્વેષ ઉપજે તો ત્વરિત ભૂતલ ઉપર નાખી દેવા આજ્ઞા કરે છે.

આજ્ઞાનુસાર નિજસખી આ દૈવીજીવનો હાથ પકડીને આ કુંજના વિવિધ ભુવનોના મંદિરની અલૌકિક શોભાના દર્શન કરાવવા અને મંદિરોની મુખ્ય સખી તેમજ અન્ય સૌ સખીમંડળ સાથે મિલન કરાવવા લઈ જાય છે. અનેક જન્માંતરો પછી અહીં આવેલ આ દૈવીજીવને જોઈ સૌ પ્રસન્ન થાય છે અને સર્વ સમાચાર પૂછે છે. આદરપૂર્વક આસને બેસાડી તેનું સન્માન કરે છે. મનોહર પ્રસાદી ભોજન, સુગંધી, બીડાં, દિવ્ય વસ્ત્રાભૂષણો વગેરેથી, તેનું સમાધાન કરે છે. ભુવનોના મંદિરોની શોભાના દર્શન કરાવે છે અને પરસ્પર મળીને આનંદવિભોર બને છે. ત્યારબાદ સૌની વિદાય લઈ નિજસખી આ દૈવીજીવને મુખ્ય શ્રીસ્વામિનીજી પાસે પાછો લાવે છે.

હવે શ્રીસ્વામિનીજી અતિ પ્રસન્ન થઈ પૂછે છે : "તારો હજુ કંઈ મનોરથ છે ?" ત્યારે આ દૈવીજીવ વિનંતિ કરે છે : "આપની કૃપાથી મારે કોઈ જ મનોરથ બાકી તો નથી, પરંતુ હજુ અન્ય કુંજની શોભા - લીલાવૈભવના દર્શન કરવાની ઈચ્છા છે." આથી શ્રીસ્વામિનીજી પોતાની આજ્ઞાવર્તી સખીને બોલાવી આ દૈવીજીવને હવે 'સિંધુકુંજ' ના દ્વારે પહોંચાડવા આજ્ઞા કરે છે.

(૧૦) સિંધુ કુંજ

હવે આજ્ઞાવર્તી નિજસખી આ દૈવીજીવને સિંધુકુંજની દ્વારપાલની સખી પાસે લાવીને સર્વ સમાચાર આપે છે. આથી દ્વારપાલની સખી ભીતર જઈ, આ કુંજના શ્રીપ્રિયા-પ્રીતમ સન્મુખ ભૂતલ પરથી અનેક જન્મોના અંતરાય બાદ શ્રીમહાપ્રભુજીની કૃપાથી અહીં આવેલા દૈવીજીવ ના સર્વ સમાચાર નિવેદિત કરે છે. સંસારના માયા-મોહને જીતીને આવેલ આ દૈવીજીવ, આ કુંજની અલૌકિક લીલાશોભા તેમજ સૌ સખીમંડળના મિલનની અભિલાષા સેવે છે એમ પણ કહે છે. આ સાંભળતાં જ શ્રીપ્રિયા-પ્રીતમ અતિ પ્રસન્નતાપૂર્વક આવા ભાગ્યવાન દૈવીજીવને ન રોકવા અને શીઘ્ર ભીતર લઈ આવવા આજ્ઞા આપે છે. આજ્ઞા મળતાં જ દ્વારપાલની સખી આ દૈવીજીવના હાથમાં ભાવરૂપી પુષ્પ-ફલભોગની છાબ આવે છે અને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ સહ, ભીતર પ્રવેશ કરી ને દીનતાપૂર્વક શ્રીપ્રિયા-પ્રીતમને અંગીકાર કરાવવા સમજાવે છે. તદનુસાર દૈવીજીવ કુંજમાં પ્રવેશ કરીને શ્રીપ્રિયા-પ્રીતમને સર્વપ્રથમ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરે છે અને પુષ્પના શૃંગાર તથા ફલભોગ ધરાવે છે. શ્રીપ્રિયા-પ્રીતમ અતિ પ્રસન્ન થાય છે, સર્વ સમાચાર પૂછે છે અને ઉત્તરીય વસ્ત્ર અને પ્રસાદી ભોગ આપીને સમાધાન કરે છે. ત્યારબાદ આજ્ઞાવર્તી નિજસખીને બોલાવી, આ દૈવીજીવને સિંધુકુંજની

અલૌકિક લીલાસામગ્રીના દર્શન કરાવવા તેમજ વિવિધ ભુવનોના મંદિરની શોભાના દર્શન કરાવવા તથા સૌ સખીજનોનો મેળાપ કરાવવા આજ્ઞા કરે છે, વિશેષમાં જો સૌને મળતાં તેનામાં સ્નેહ-અનુરાગ જાગે તો ફરીથી અહીં પાછો લાવવા અને જો ઈર્ષ્યા - દ્વેષ જાગે તો ભૂતલ ઉપર નાખી દેવા આજ્ઞા કરે છે.

આજ્ઞાનુસાર નિજસખી આ દૈવીજીવની બાંહ પકડીને કુંજના વિવિધ ભુવનોના મંદિરની દિવ્ય શોભાના દર્શન અને મુખ્યસખી સાથે મિલાપ કરાવે છે. અરસપરસ મળતાં સૌ સખીજનો અતિ આનંદ પામે છે. ભૂતલ પરથી અનેક જન્માંતરો પછી આવેલ આ દૈવીજીવના કુશળ સમાચાર પૂછે છે. આદરપૂર્વક આસને બેસાડે છે. વિવિધ પ્રકારના મિષ્ટાન્ન, પ્રસાદી બીડાં, મણિયુક્ત આભરણો, વસ્ત્રો, વગેરેથી સમાધાન કરે છે. ત્યારબાદ સૌની વિદાય લઈ આજ્ઞાવર્તી નિજસખી આ દૈવીજીવને શ્રીપ્રિયા-પ્રીતમ પાસે પાછો લાવે છે.

હવે શ્રીસ્વામિનીજી પૂછે છે : “તારો હવે કોઈ મનોરથ બાકી છે ?” ત્યારે આ દૈવીજીવ કહે છે : “કૃપાનાથ ! આપના અનુગ્રહથી મારે કોઈ મનોરથ બાકી નથી પરંતુ હજુ શેષ રહેલ કુંજોની અલૌકિક લીલાસામગ્રીના દર્શન કરવાની તથા સૌ સખીજનોના મિલનની અભિલાષા છે.” આ સાંભળી શ્રીસ્વામિનીજી અતિ પ્રસન્ન થાય છે અને આજ્ઞાવર્તી નિજસખીને બોલાવી, હવે આ દૈવીજીવને ‘લક્ષ્મીકુંજ’ ના દ્વારે પહોંચાડવા આજ્ઞા કરે છે.

(૧૧) લક્ષ્મી કુંજ

હવે આજ્ઞાવાર્તી સખી આ દૈવીજીવને લઈ લક્ષ્મીકુંજની દ્વારપાલની સખી પાસે લઈ જાય છે અને સર્વ સમાચાર આવે છે. આથી દ્વારપાલની સખી ભીતર જઈ શ્રીપ્રિયા-પ્રીતમને ભૂતળ પરથી શ્રીમહાપ્રભુજીની કૃપાથી અવિદ્યારૂપી સાગરને પાર કરીને આવેલ દૈવીજીવના સર્વ સમાચાર નિવેદિત કરે છે. વિશેષમાં આ કુંજની અલૌકિક લીલાસામગ્રીના દર્શન, વિવિધ ભુવનો મંદિરોની દિવ્યશોભાના દર્શન તેમજ સર્વ સખીમંડળના મિલનની ઉત્કટ ઈચ્છા ધરાવે છે. આ સાંભળી શ્રી પ્રિયા-પ્રીતમ અતિ પ્રસન્નતાપૂર્વક આવા ભાગ્યવાન દૈવીજીવને શીઘ્ર ભીતર લઈ આવવા આજ્ઞા કરે છે. આજ્ઞા મળતાં જ દ્વારપાલની સખી દૈવીજીવના હાથમાં પુષ્પ અને ફલભોગની ભાવરૂપી છાબ આપે છે અને કુંજની ભીતર જઈ શ્રીપ્રિયા-પ્રીતમને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ સહ અતિ દીનતાપૂર્વક અંગીકાર કરાવવા સમજાવે છે. તદનુસાર દૈવીજીવ ભીતર જઈ સર્વ કંઈ મનોરથ પૂર્ણ કરે છે. શ્રીપ્રિયા-પ્રીતમ પણ અતિ પ્રસન્ન થાય છે અને દૈવીજીવને ઉત્તરીય વસ્ત્ર-આભૂષણ તેમજ પ્રસાદથી સમાધાન કરે છે. સર્વ સમાચાર પૂછે છે. ત્યારબાદ પોતાની આજ્ઞાવર્તી સખીને બોલાવી, આ દૈવીજીવને લક્ષ્મીકુંજની અદ્વિતીય લીલાસામગ્રી, વિવિધ ભુવનોના મંદિરની અલૌકિક શોભા તેમજ સૌ સખીજનો સાથે મિલાપ કરાવવા આજ્ઞા કરે છે આમ કરતાં આ દૈવીજીવના મનમાં પ્રેમભાવ ઉપજે તો પાછો અહીં લાવવા અને જો ઈર્ષ્યા-દ્વેષ ઉપજે તો તત્કાલ ભૂતલ ઉપર નાખી દેવા આજ્ઞા કરે છે.

આજ્ઞાનુસાર નિજસખી આ દૈવીજીવને કુંજના વિવિધ ભુવનોના મંદિરની અદ્‌ભુત લીલાશોભાના દર્શન, મુખ્ય સખી સાથે મિલન અને સૌ સખીજનો સાથે મિલાપ કરાવે છે. પરસ્પર પ્રેમપૂર્વક સૌ મળે છે, સર્વ સમાચાર પૂછે છે અને આનંદિત બને છે. અનેક જન્મોના વિલંબ બાદ અહીં આવેલા આ દૈવીજીવને આદરપૂર્વક સન્માન આપી આસન પર બેસાડે છે. મધુર રસયુક્ત મિષ્ટાન્ન, પ્રસાદી બીડાં, મણિમય આભૂષણો, સુગંધી દ્રવ્યો, માલા વગેરેથી તેનું સમાધાન કરે છે. ત્યારબાદ સૌની વિદાય લઈ આ દૈવીજીવને શ્રીપ્રિયા-પ્રીતમ પાસે પાછો લાવે છે.

હવે શ્રીસ્વામિનીજી અતિ પ્રસન્ન થઈ પૂછે છે : “હવે તારો કંઈ મનોરથ છે ? ” ત્યારે આ દૈવીજીવ વિનંતિ કરે છે : “કૃપાનાથ, આપની કૃપાથી મારે કોઈ મનોરથની અપેક્ષા નથી પરંતુ હજુ એક કુંજની શોભાના દર્શન કરવાની અભિલાષા છે.” આથી શ્રીસ્વામિનીજી પોતાની આજ્ઞાવર્તી સખીને બોલાવી, આ દૈવીજીવને શેષ રહેલ ‘તુલસીકુંજ’ ના દ્વારે પહોંચાડવાની આજ્ઞા કરે છે.

(૧૨) તુલસી કુંજ

હવે આજ્ઞાવર્તી નિજસખી તુલસીકુંજના દ્વારપાલની સખીની પાસે આ દૈવીજીવને લઈ જાય છે અને સર્વ સમાચાર આપે છે. દ્વારપાલની સખી ભીતર જઈ, આ કુંજના શ્રીપ્રિયા-પ્રીતમને ભૂતલ પરથી શ્રીમહાપ્રભુજીની કૃપાથી માયામોહના સમુદ્રને પાર કરીને અહીં આવેલ દૈવીજીવની સર્વ વિગત નિવેદિત કરે છે. વિશેષમાં વિનંતિ કરે છે કે સર્વ કુંજોની લીલાવૈભવના દર્શન કરીને, હવે લક્ષ્મીકુંજના શ્રીપ્રિયા-પ્રીતમની આજ્ઞાકારી નિજસખી તેની બાંહ પકડીને આ કુંજના દ્વારે લાવી છે અને આ કુંજની લીલાસામગ્રીના દર્શન કરવાની તેની ઈચ્છા છે. આ વચનો શ્રવણ કરતાં જ કુંજાધિપતિ અતિ પ્રસન્ન થઈ આજ્ઞા કરે છે કે આવા ભાગ્યવાન જીવને રોકશો નહિ પરંતુ જલદીથી ભીતર લઈ આવો.

આજ્ઞા મળતાં જ દ્વારપાલની સખી આ દૈવીજીવના હાથમાં ભાવરૂપી પુષ્પ અને ફલની છાબ આવે છે અને ભીતર જઈ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ સહ દર્શન કરી દીનતાપૂર્વક સર્વ કાંઈ અંગીકાર કરાવવા સમજાવે છે. તદનુસાર આ દૈવીજીવ કુંજમાં ભીતર પ્રવેશ કરીને સૌપ્રથમ શ્રીપ્રિયા-પ્રીતમને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરે છે, પુષ્પના શૃંગાર અને ફલભોગ ધરે છે. શ્રીપ્રિયા-પ્રીતમ અતિ પ્રસન્ન થાય છે અને સર્વ સમાચાર પૂછે છે. ઉત્તરીય વસ્ત્ર અને પ્રસાદી ભોગ આપીને સમાધાન કરે છે. ત્યારબાદ આજ્ઞાવર્તી નિજસખીને બોલાવી આ કુંજની અલૌકિક શોભા વિવિધ ભુવનોના મંદિરની અદ્ભુત રચના, દિવ્યલીલા-સામગ્રીના દર્શન, મુખ્ય સખી તેમજ અન્ય સૌ સખીજનો સાથે મિલાપ કરાવવા આજ્ઞા કરે છે. આમ કરતાં આ દૈવીજીવમાં પ્રેમ ઉપજે તો અહીં પાછો લાવવા અને જો ઈર્ષ્યા-દ્વેષ ઉપજે તો ભૂતલ ઉપર નાખી દેવા વિશેષ આજ્ઞા કરે છે.

આજ્ઞાકારી નિજસખી આ દૈવીજીવની બાંહ પકડીને લઈ જઈ, આ કુંજના વિવિધ ભુવનોના મંદિરની દિવ્ય-લીલાશોભાના દર્શન કરાવે છે. મુખ્ય સખી સાથે તેમજ સર્વ સખીમંડળ સાથે પણ મિલન કરાવે છે. સૌ પરસ્પર આનંદિત થઈ ભેટે છે, સર્વ સમાચાર પૂછે છે. અનેક જન્મોના અંતરાય બાદ અહીં આવેલ આ દૈવીજીવને આદરસન્માનપૂર્વક આસન આપીને બેસાડે છે, સુંદર મનોહર પકવાન, પ્રસાદી બીડાં, સુગંધી દ્રવ્યો, પુષ્પમાલા, વસ્ત્ર-આભૂષણોથી સમાધાન કરે છે. ત્યારબાદ સૌની વિદાય લઈ, આ દૈવીજીવને લઈ નિજસખી શ્રીપ્રિયા-પ્રીતમ પાસે પાછી આવે છે. ત્યારબાદ શ્રીપ્રિયા-પ્રીતમ આ દૈવીજીવના અપરાધની ક્ષમા આપે છે. ભૂતલ પરથી શ્રમહાપ્રભુજીની કૃપાથી અહીં આવેલ આ દૈવીજીવની આપવીતી સાંભળી શ્રીયુગલસ્વરૂપ ગદગદિત થાય છે અને તેને સાંત્વન આપી સાવધાનીપૂર્વક સેવા કરવા આજ્ઞા કરે છે. આમ દ્વાદશ કુંજના દર્શન અને સૌ સખીજનો સાથે મિલનનો આનંદ પ્રાપ્ત કરેલ આ દૈવીજીવને, તેની કુંજના મૂળ સ્થાને પહોંચાડવા શ્રીપ્રિયા-પ્રીતમ પોતાની આજ્ઞાકારી સખીને સૂચવે છે. ત્યારબાદ આ દૈવીજીવ પોતાના મૂળ સ્થાનને પ્રાપ્ત કરી, નિત્યસેવામાં મગ્ન બને છે.

સર્વ કુંજોના અધિપતિ શ્રીનાથજી અને મુખ્ય શ્રીસ્વામિનીજી શ્રીરાધિકાજી છે. વિવિધ કુંજોના સ્વામી, સ્વામિનીજી, સર્વ સખીજનો વગેરે તેમના અંગરૂપ છે.

આ પ્રકારે દામોદરદાસ હરસાનીજીએ શ્રીગુસાંઈજી પ્રભુચરણ સન્મુખ દ્વાદશકુંજની ભાવના કહી સંભળાવી. આ શ્રવણ કરતાં જ આપશ્રીનું હૃદય ભરી આવ્યું. દામોદરદાસજીએ વિનંતિ કરીને કહ્યું કે શ્રીમહાપ્રભુજીની કૃપાથી જ જીવને દ્વાદશકુંજના દર્શન સુલભ થાય છે, જીવસામર્થ્યથી આ શક્ય નથી. વાર્તા પૂર્ણ થતાં જ શ્રીમહાપ્રભુજી સાક્ષાત પ્રકટ થયા. પછી આ ત્રણે સ્વરૂપો ભગવદ્ નિત્યલીલાધામમાં પધારીને દ્વાદશકુંજના દર્શન કર્યા અને ત્યારબાદ પુનઃચંદ્રસરોવર-પરાસોલી ઉપર પાછા પધાર્યા. ભૂતળ ઉપર પુષ્ટિદૈવીજીવ શ્રીમહાપ્રભુજીનું ચરણ શરણ પ્રાપ્ત કરી આજીવન ભગવદ્સેવા અને કથા-વાર્તા પરાયણ રહીને સંપૂર્ણ સમર્પિત જીવન જીવે તો જ શ્રીમહાપ્રભુજીની કૃપાથી લક્ષચોરાસીના ચક્રમાંથી મુક્ત થઈ ભગવદ્ પ્રાપ્તિ થાય છે. શ્રીમહાપ્રભુજીનું અનન્ય દાસ્ય, દૃઢ આશ્રય તથા આપની અસીમ કૃપા જ પરમ ફલરૂપ છે અને તે દ્વારા જ નિત્યલીલામાં પ્રવેશ સુલભ થાય છે.

— X —

કહા ધર્યો વૈકુંઠમેં, વહાં હમારે કહા કામ,
કુંજ કુંજ બ્રજ બીથિનમેં, વિહરે શ્યામા શ્યામ.

કોટિ કલ્પ કાસી બસે, અયોધ્યા કલ્પ હજાર,
એક નિમિષ બ્રજમેં બસે, બડભાગી કૃષ્ણદાસ

યત્ર યત્ર મમ જન્મ કર્મભિઃ નારકેથ પરમે પદથવા ।
રાધિકા રતિ નિકુંજ મંડલિ, તત્ર તત્ર હૃદિ મે વિરાજતામ્ ॥

અર્થ : હે સ્વામિનીજી ! કર્મવશ મારો જન્મ નરકમાં કે સ્વર્ગમાં થાય - જ્યાં થાય ત્યાં - પરંતુ મારા હૃદયમાં નિત્ય શ્રીરાધાકેલિ કુંજમંડલી અર્થાત્ શ્રીપ્રિયા-પ્રીતમ, સહચરીવૃંદ, નિત્યક્રીડાસ્થલી વગેરે બિરાજમાન રહો.

— X —

દ્વાદશ કુંજમાં દંડવત્

આનંદ સાગર શ્રીગોવર્ધનનાથજી
પુષ્પકુંજમાં શ્રીપ્રિયા-પ્રીતમને અમારા દંડવત્ પહોંચે (૧)
પરમાનંદ સાગર શ્રીસ્વામિનીજી
ફલકુંજમાં શ્રીપ્રિયા-પ્રીતમને અમારા દંડવત્ પહોંચે (૨)
સુખ સાગર શ્રીયમુનાજી
રસકુંજમાં શ્રીપ્રિયા-પ્રીતમને અમારા દંડવત્ પહોંચે (૩)
દીનતા સાગર શ્રીલલિતાજી
મધુકુંજમાં શ્રીપ્રિયા-પ્રીતમને અમારા દંડવત્ પહોંચે (૪)
ગુણસાગર શ્રીગોપીજન
ગોકુંજમાં શ્રીપ્રિયા-પ્રીતમને અમારા દંડવત્ પહોંચે (૫)
કૃપાસાગર શ્રીમહાપ્રભુજી
દ્વારકુંજમાં શ્રીપ્રિયા-પ્રીતમને અમારા દંડવત્ પહોંચે (૬)
સેવા સાગર શ્રીગુસાંઈજી
નવકુંજમાં શ્રીપ્રિયા-પ્રીતમને અમારા દંડવત્ પહોંચે (૭)
રસસાગર શ્રીગોકુલનાથજી
શશીકુંજમાં શ્રીપ્રિયા-પ્રીતમને અમારા દંડવત્ પહોંચે (૮)
શિક્ષાસાગર શ્રીહરિરાયજી
સિંધુકુંજમાં શ્રીપ્રિયા-પ્રીતમને અમારા દંડવત્ પહોંચે (૯)
ભક્તસાગર શ્રીદામોદરદાસજી
લક્ષ્મીકુંજમાં શ્રીપ્રિયા-પ્રીતમને અમારા દંડવત્ પહોંચે (૧૦)
કીર્તનસાગર શ્રીસૂરદાસજી
તુલસીકુંજમાં શ્રીપ્રિયા-પ્રીતમને અમારા દંડવત્ પહોંચે (૧૧)
જ્ઞાન સાગર શ્રીભાગવતજી
પ્રેમકુંજમાં શ્રીપ્રિયા-પ્રીતમને અમારા દંડવત્ પહોંચે (૧૨)
બાર સાગર, બાર કુંજ, બાર વન, બાર ઉપવન
શ્રીઠાકોરજી, શ્રીસ્વામિનીજી, શ્રીયમુનાજી સહિત સર્વ લીલાપરિકરને અમારા દંડવત્ પહોંચે.

—— X ——

પ્રકીર્ણ - પદો

લલિત વ્રજદેશ ગિરિરાજ રાજે,
ઘોસ સીમંતિથી સંગ ગિરિવરધરન
કરત નિત્ય કેલી તહાં કામ લાજે ....(૧)
ત્રિવિધ પવન સંચરે, સુખદ ઝરના ઝરે
લલિત સૌરભ સરસ મધુપ ગાજે
લલિત તરૂ ફલફૂલફલિત ખટ ઋતુ સદા
'ચત્રાભુજદાસ' ગિરિધરન સમાજે ....(૨)

મધુર વ્રજદેશ વશ મધુર કીનો
મધુર ગોકુલ ગામ મધુર વલ્લભ નામ,
મધુર વિઠ્ઠલ ભજન દાન દીનો ....(૧)
મધુર ગિરિધરન આદિ સપ્ત તનુ વેણુનાદ
સપ્ત રંધ્રન મધુર રૂપ લીનો ....(૨)
મધુર ફલ ફલિત અતિ લલિત 'પદ્મનાભ' પ્રભુ
મધુર અલિ ગાવત સરસ રંગ ભીનો ....(૩)

ઓર કોઉ સમજે સો સમજે, હમકોં ઈતની સમજ ભલી,
ઠાકુર નંદકિસોર હમારે, ઠકુરાની વૃષભાન લલી ।
શ્રીદામા આદિ સખા શ્યામકે, શ્યામાસંગ લલિતાદિ અલી ....(૧)
વ્રજપુર વાસ શૈલ બન બિહરત, કુંજન કુંજન રંગરલી
ઈનકે લાડ ચાહુ સુખસેવા, ભાવવેલ રસ ફલન ફલી
કહિ 'ભગવાન હિત રામરાય' પ્રભુ સબનતેં ઈનકી કૃપા બલી ....(૨)

હે સ્વામિની ! શ્રીકુંજ વિહારિની ! બેગિ ખબરિ મેરી લીજૈ ।
સેવા રીતિ કછુ નહિ જાનોં, ચુક છિમા કરી દીજૈ ॥૧॥
અતિ આધોન દીન રટિ ટેરોં, ચિત્ત દૈ યહ સુનિ લીજૈ ।
'લલિતકિશોરી' કુંજ નિકુંજન, રજ અધિકારી કીજૈ ॥૨॥

● શ્રીવલ્લભ સેવા - પ્રચાર કેન્દ્ર, પાટણ ●

[પુષ્ટિમાર્ગીય પ્રચાર-પ્રસાર માટે - વૈષ્ણવોની સહાયથી
શ્રીવલ્લભ-વિચાર-ધારા આધારિત પુષ્ટિ સાહિત્ય પ્રગટ કરતી સંસ્થા]

આ સંસ્થાના પ્રેરક : શ્રીજીબાવા

પથ દર્શક : શ્રી વલ્લભ — કૃપા : શ્રી યમુનાજી
કાર્ય શક્તિ : પુષ્ટિ સેવા-પ્રચારની ભાવના — સહાય : વલ્લભીય વૈષ્ણવો દ્વારા

શ્રીવલ્લભ સેવા-પ્રચાર કેન્દ્ર - પાટણ દ્વારા વિવિધ નામી-અનામી વૈષ્ણવોની તનુ-વિત્તજા સેવાથી સ્વમાર્ગીય સિદ્ધાંતોની સરળ સમજ આપતા નાના-મોટા ૩૦ પ્રકાશનો અત્યાર સુધીમાં પ્રગટ થયા છે. આ પ્રકાશન-કાર્યને વૈષ્ણવોની ઈચ્છા અનુસાર નયનરમ્ય અને રસભોગ્ય બનાવી કાયમી ઉપલબ્ધ બની રહે એ શુભ આશય સાથે પુનઃપ્રકાશનની નામસેવાને ગતિશીલ રાખવા નીચે મુજબ આયોજન કર્યું છે.

(આ પ્રવૃત્તિ સ્વૈચ્છિક-સમય અનુકૂળતા મુજબ થાય છે.)

રૂા. ૨,૦૦૦/- ભેટ-દ્રવ્ય સહાય આપનારના પુનઃ છપાતા ગમે તે એક પુસ્તકમાં ભગવદ્ સ્મરણ / જયશ્રી કૃષ્ણ છાપશું.

= રૂા. ૫૦૦/-નો પુસ્તકોનો સેટ ભેટ મળશે. =

રૂા. ૧,૦૦૦/- ભેટ-દ્રવ્ય સહાય આપનારના શુભેચ્છક તરીકે જયશ્રી કૃષ્ણ છાપશું.

= યથા શક્તિ દ્રવ્ય સહાય સ્વીકાર્ય છે. =

જે પુસ્તિકામાં ભગવદ્ સ્મરણ / જયશ્રી કૃષ્ણ છાપશું તે પુસ્તિકાની પ્રત-૨ ભેટ સ્વરૂપે મોકલી આપશું.

વર્ષ દરમ્યાન પુનઃ પ્રકાશિત થતા પુસ્તકોમાં જયશ્રી કૃષ્ણ / ભગવદ્ સ્મરણ રૂપે વૈષ્ણવ સૃષ્ટિમાં પહોંચાડીશું.

શ્રીવલ્લભ કૃપાથી પ્રાપ્ત થયેલ આપની શુભ લક્ષ્મીનો વિનિયોગ શ્રી વલ્લભની જ નામસેવામાં કરાવી-પુષ્ટિ સંસ્કાર સિંચન કરવાની અમારી પ્રવૃત્તિના પોષક બનશો એવી અપેક્ષા - નમ્ર વિનંતી સાથે સૌને સપ્રેમ જયશ્રી કૃષ્ણ.

વિશેષ માહિતી માટે જવાબી પત્રવ્યવહાર કરવો તથા રકમ મનીઓર્ડર / બેંક ડ્રાફ્ટથી નીચેના નામે-સરનામે મોકલવા વિનંતી છે.

જિતેન્દ્રભાઈ રમણીકલાલ પરીખ
૩૯, શિવકૃપા સોસાયટી,
આર. એમ. પેટ્રોલ પંપની બાજુમાં,
ડીસા રોડ, પાટણ (ઉ. ગુજરાત) ૩૮૪૨૬૫.

શ્રીવલ્લભ સેવા-પ્રચાર કેન્દ્ર-પાટણના પ્રકાશનોની યાદી

૧.	નેહકારન શ્રીયમુને પ્રથમ આઈ (શ્રીયમુનાજીના સ્વરૂપ-માહાત્મ્ય-૧૦૮ પદ અર્થસહિત)	૨૫-૦૦
૨.	શ્રીયમુના નિત્ય સ્મરણ (શ્રીયમુનાજીના ૧૦૮ પદ-નવાખ્યાન-ધોળ-આરતી)	૨૦-૦૦
૩.	શ્રીયમુના સંપુટીપાઠ-૧૦૮ નામ તથા જપપાઠ-શ્રીયમુના કવચ અર્થ સહિત	૬-૦૦
૪.	કીર્તન સુધા [મંગળાથી સેન સુધીના કીર્તનો અર્થ સાથે અને વર્ષોત્સવકે પદ-વધાઈઓ, નવવિલાસ-હોરીકે રસિયા-બ્યાહ કે પદ વગેરે]	૧૫-૦૦
૫.	બાળકોના શ્રીવલ્લભાચાર્યજી અને તેમના વંશજો [Eng. Book]*	——
૬.	નિત્યનિયમના સ્તોત્રપાઠ-૪૧ પદ-ધોળ-આરતી સાથે ૧૪૨ બેઠકજી	૧૨-૦૦
૭.	શ્રીસુબોધિનીજી ગ્રંથસાર	૨૦-૦૦
૮.	શ્રીનાથજીની ભાવ ભાવના	૧૨-૦૦
૯.	શ્રીવલ્લભ રસસુધા [ષોડશ ગ્રંથ તથા પુષ્ટિ સિધ્ધાંતોનો સંક્ષિપ્ત સાર]	૧૦-૦૦
૧૦.	શ્રીમહાપ્રભુજી અને સેવામાર્ગ (શ્રીમહાપ્રભુજીના ચરણચિહ્નો, શ્રીમહાપ્રભુજીમાં ચોવીસ અવતારોની તથા પુષ્ટિ વ્રત જયંતિની ભાવના સહિત)	૧૫-૦૦
૧૧.	પુષ્ટિમાર્ગનું પ્રાકટ્ય (પવિત્રા બારસ) (સિદ્ધાંત રહસ્ય-મધુરાષ્ટક તથા શ્રીકૃષ્ણ નામ-અષ્ટાક્ષર મંત્ર મહિમા સાથે)	૧૫-૦૦
૧૨.	શ્રીગિરિરાજ ગાથા (શ્રીગિરિરાજજી-પ્રાગટ્ય, પરિક્રમા, નામાવલિ સહિત)	૧૨-૦૦
૧૩.	શ્રી પુષ્ટિપુરુષોત્તમ સ્તવન (પુષ્ટિમાર્ગીય સ્તોત્રોનો સરળ અનુવાદ)	૧૨-૦૦
૧૪.	શ્રીવલ્લભ સાખી (સરળ અનુવાદ-ભાવાર્થ)	૬-૦૦
૧૫.	શ્રીહરિરાયજી કૃત બડે શિક્ષાપત્ર આધારિત 'શિક્ષાપત્ર ગ્રંથસાર'	૧૫-૦૦
૧૬.	શ્રીગોકુલેશપ્રભુના ચોવીસ વચનામૃતો (સરળ ગુજરાતીમાં)	૧૨-૦૦
૧૭.	૨૫૨ વૈષ્ણવ વાર્તા ગ્રંથસાર	૬-૦૦
૧૮.	શ્રીમદ્ ભગવદ્ગીતા ગ્રંથસાર અંતર્ગત "શ્રીકૃષ્ણ સુધા-રસાસ્વાદ"*	——
૧૯.	શ્રીયમુના રસાસ્વાદ (શ્રીયમુના પંચાંગ-શ્રીયમુના સહસ્ર નામ)*	——
૨૦.	પુષ્ટિ સ્વરૂપ વંદન (શ્રીમહાપ્રભુજી અને અલૌકિક અગ્નિકુળ)*	——
૨૧.	પુષ્ટિ જીવન દર્પણ (પુષ્ટિ સિદ્ધાંતોની સરળ-સમજ)	૬-૦૦
૨૨.	આશૌચ દર્પણ (સૂતક નિર્ણય)	૧૦-૦૦
૨૩.	પુષ્ટિ આચાર દર્શન (વૈષ્ણવ કર્તવ્યની સરળ સમજ)	૧૦-૦૦
૨૪.	શ્રીનાથજી ગુણાનુવાદ (શ્રીનાથજીના પ્રાચીન ધોળ-પદ-આરતી સહિત)	૮-૦૦
૨૫.	આપણા ચોરાસી ભગવદીયો (૮૪ વૈષ્ણવ વાર્તા સંક્ષિપ્ત રૂપે)*	——
૨૬.	શ્રીમહાપ્રભુજીની નિજવાર્તા અને ઘરૂવાર્તા	૨૦-૦૦
૨૭.	ભાવ સિંધુ	૫૦-૦૦
૨૬.	વસંત હોરીની ભાવના (વસંત અષ્ટપદી અર્થ સાથે અને હોરીના રસિયા)	૧૫-૦૦
૨૯.	હોરી કે રસિયા (૧૨૦ પદો)	૧૫-૦૦
૩૦.	કલેશ કુઠાર (મૂળ પાઠ સહિત સરળ ગુજરાતી અનુવાદ)	૨૦-૦૦

રૂા. ૨૦૦૦/- ભેટ આપી ભગવદ્ સ્મરણ/જયશ્રી કૃષ્ણ લખાવો અને પુસ્તકોનો સેટ ભેટ મેળવો.

રકમ 'જિતેન્દ્ર રમણીકલાલ પરીખ'ના નામે-સરનામે મોકલવા વિનંતી.

=પ્રાપ્ય પુસ્તકોના સેટની ન્યો. રૂા. ૫૦૦-૦૦=વી. પી. કરતા નથી.

રજી. પોસ્ટથી મંગાવવા રૂા. ૧૭-૦૦ વધુ મોકલવા. પૂછપરછ માટે જવાબી ટપાલ લખવી.

= સંસ્થાના પ્રકાશનોની નકલ કરવી નહી, જરૂર પડે સંપર્ક કરવા વિનંતી =

નોંધ :- (——) *પુસ્તકોની નહિવત માંગણી હોવાથી પુનઃ છપાવેલ નથી.

~~P484/A~~

શ્રીવલ્લભ સેવા પ્રચાર કેન્દ્ર પ્રકાશનો માટે સંપર્ક કરો.

૧. શ્રી પુષ્ટિમાર્ગીય પુસ્તક વિતરણ કેન્દ્ર
શ્રી વલ્લભ સાંનિધ્ય ધામ, મોટી હવેલી, **જૂનાગઢ** - ૩૬૨ ००૧.

૨. કીર્તનીયા નવનીતલાલ શાહ - ૧૬, શ્રી હરિ એપાર્ટમેન્ટ, પહેલા માળે,
ચંદ્રાવતી સોસાયટી પાછળ, વાઘેશ્વરી રોડ, કારેલીબાગ, **વડોદરા** - ૩૮૦ ०૧૮.

૩. યોગેશભાઈ - શ્રી વલ્લભ શૃંગાર સેન્ટર, ભાગા તળાવ,
લાલગર બાવાના મઢ પાસે, શ્રીછબીલાજીની હવેલી પાસે, **ભાવનગર** (સૌરાષ્ટ્ર).

૪. રૂપેશભાઈ અમલાણી - બજાજ શો રૂમ પાછળ, જી.આઈ.ડી.સી. રોડ,
નરસંગ ટેકરી, **પોરબંદર** (સૌરાષ્ટ્ર) - ૩૬૦ ૫૭૫.

૫. કનુભાઈ એ. તલાટી
'શ્રીનાથજીકુંજ' સર્વોદયનગર, ગુજરાત હાઉસીંગ બોર્ડ મકાન નં. ૨૩૬,
સેક્ટર-૩૦, સે.-૨૧/૩૦ના બસ સ્ટેન્ડ પાસે, **ગાંધીનગર**-૩૮૨ ०૩०.

૬. શ્રી બાલકૃષ્ણલાલજી પુસ્તક ભંડાર
દરબારગઢ, હવેલી પટાંગણ, **રાજકોટ** - ૩૬૦ ००૧.

૭. જમનાદાસ ધરમશીભાઈ
શ્રીનાથજી ભંડાર, હવેલી ગલી, **જુનાગઢ** - ૩૬૨ ००૧.

૮. ભૂપતભાઈ જી. ઉકાણી - 'શ્રીનાથજી કૃપા' રામવાડી બ્લોક નં. ૩,
સરકારી ગેસ્ટ હાઉસ સામે, **ઉપલેટા** - ૩૬૦ ૪૯૦.

૯. ચંદ્રિકાબેન એમ. ગાંધી - ૯-બી, લલિતા ટાવર,
રાજપથ હોટલની બાજુમાં, રેલ્વે સ્ટેશન પાછળ, **વડોદરા**-૩૯૦ ०૧૧.

૧૦. મહેશભાઈ પાનેરી - શ્રી મહાપ્રભુજીની બેઠક, મોદી મહોલ્લા પાસે,
અશ્વિનીકુમાર રોડ, **સુરત** - ૩૯૫ ००૮.

૧૧. આ. રા. પુ. વૈષ્ણવ - પરિષદ - મુંબઈ શાખા
હલાઈ લોહાણા નિવાસ, બિલ્ડીંગ નં. ૧૫-E, રઘુવંશી હોલની ઉપર,
પહેલે માળ - શંકર લેન, ચીરા બજાર, **મુંબઇ** - ૪०० ००૨.

૧૨. સુરેન્દ્રભાઈ જમનાદાસ શાહ - E-૫०૩/૫०૪, પુષ્પ હેરીટેજ, ગોખલે રોડ,
મહાવીરનગર પાસે, દહાણુકરવાડી, કાંદીવલી (W), **મુંબઇ** - ૪०० ०૬૭.

૧૩. દિલીપભાઈ એ. પારેખ - ૨-લાઠીવીલા, જેઠાભાઈ લેન,
રેલ્વે સ્ટેશન અને પટેલ ચોક પાસે, ઘાટકોપર, (પૂર્વ) **મુંબઇ** - ૪०० ०૭૭.

૧૪. પાદરીયા બિહારીલાલ નાથાલાલ
વિશાવગા, જૂના પોલિસ સ્ટેશન પાસે, **રાજપીપળા**, જી. નર્મદા.

૧૫. કિરીટભાઈ જે. ગગલાણી - હવેલીની સામે, હવેલી શેરી, **ધોરાજી**, સૌરાષ્ટ્ર.

ગો. વા. રમણિકલાલ પોપટલાલ પરીખની

= એક ઝાંખી - જીવન ઝરમર =

એકવડો શરીર બાંધો, મધ્યમ ઊંચાઈ, શ્વેત પહેરણ અને ધોતીમાં જ સાદગીપૂર્ણ જીવન જીવતા તથા પાટણની પુષ્ટિમાર્ગીય પાઠશાળાના ડેલામાં એક કંતાનના ટુકડા ઉપર બેસીને, ઠંડી-ગરમી કે વર્ષા-ગમે તે ઋતુમાં શ્રીવલ્લભના નામસેવાની અખંડ ધૂણી ધખાવીને અવિરતપણે એકતાન જણાતા એવા અદ્વિતીય ભેખધારી ગો. વા. રમણિકલાલ પોપટલાલ પરીખ (જન્મ સં. ૧૯૮૪ મહા વદ-૭, તા. ૧૩-૨-૧૯૨૮) ના નામથી પુષ્ટિ સૃષ્ટિમાં ભાગ્યે જ કોઈ અજાણ હશે.

જીવનના પ્રારંભકાળે નગરપાલિકામાં સર્વિસ કરી, પરંતુ મૂળ પુષ્ટિજીવ હોવાથી રુચ્યું નહિ.અંતે નોકરીને તિલાંજલિ આપીને પાટણની પુષ્ટિમાર્ગીય પાઠશાળામાં વૈષ્ણવ-બાળકોમાં પુષ્ટિસંસ્કારોના સિંચન-કાર્યમાં સંલગ્ન થયા. જીવનની અંતિમ ક્ષણ સુધી પાઠશાળાના એકમાત્ર આધારસ્તંભ બનીને સમગ્ર જીવન પુષ્ટિસાહિત્યના પ્રકાશન કાર્યમાં વ્યતીત કર્યું. **વિશેષમાં પૂ. પિતાશ્રી શ્રીવલ્લભ સેવા પ્રચાર કેન્દ્રના માર્ગદર્શક, પ્રોત્સાહક અને ભાવપોષણ કરતા હતા.**

અતિ અલ્પ કિંમતે આશરે ૧૪૫ જેટલી નાની-મોટી પુષ્ટિ પુસ્તિકાઓ અને શ્રીમદ્દ્ ભાગવત (સરળ ગુજરાતી ભાષાંતર)નું પ્રકાશન કરી, વલ્લભીયસૃષ્ટિના લાખો વૈષ્ણવોનું ભાવપોષણ કરવામાં તેઓએ કરેલ અમૂલ્ય નામ સેવા સાંપ્રદાયિક ઈતિહાસમાં સદા ચિરસ્મરણીય જ રહેશે. સમગ્ર ભારત વર્ષનું એકપણ નાનુંમોટું ગામ કે શહેર નહિ હોય કે જ્યાં પાઠશાળાના પ્રકાશનોનું આપણને દર્શન ન થાય ! વિશેષમાં પાટણના વૈષ્ણવો નિધિસ્વરૂપ ભેટ, ગુરુભેટ, ગોભેટ વગેરે યથાસ્થાને પહોંચાડવા વિશ્વાસપૂર્વક ગો. વા. રમણિકભાઈને આપતા અને તેઓ આ ભેટની રકમ મ. ઓ. થી ઉચિત સ્થાને વિનિયોગ કરાવવા મોકલી આપતા હતા. આ પ્રમાણે શ્રીહરિ - ગુરુ - વૈષ્ણવની સેવામાં જ સમગ્ર સમર્પિત જીવન જીવીને સં.૨૦૬૨ના પોષ વદ-૨, તા. ૧૬-૧-૨૦૦૬ના રોજ નશ્વર દેહનો ત્યાગ કરી, ભગવદ્દ્ચરણારવિંદને પ્રાપ્ત થયા હતા. ધૂપસળીની જેમ સર્વજનહિતાય જીવન જીવી, સ્નેહ-સેવા અને સમર્પણની સુવાસ પ્રસરાવનાર વંદનીય પિતાશ્રીના ચરણોમાં કોટિ પ્રણામ.

- જિતેન્દ્રના ભગવદ્દ્ સ્મરણ